જૂન - 2014

# જીવન શિક્ષણ



## હાર્દિક શુભેચ્છાઓ



માનનીય વડાપ્રધાનશ્રી
નરેન્દ્રભાઈ મોદી

માનનીય મુખ્યમંત્રીશ્રી
આનંદીબહેન પટેલ




ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

# કન્યા કેળવણી

# અને

# શાળા પ્રવેશોત્સવ ૨૦૧૪

## રાજયના શિક્ષણ પ્રેમીઓને સંદેશ
## "બાળકમય બનવાનો અવસર નિજને ઓળખવાનો અવસર"

પ્રતિ,

રાજ્યના સૌ શિક્ષણ પ્રેમીજનો,

સૌને હૃદયપૂર્વકનાં પ્રણામ.

શિક્ષણમાં કેટલાક ક્રાંતિકારી ફેરફારો અને તેના રચનાત્મક પરિણામો થકી ગુજરાત આજે રાષ્ટ્ર કક્ષાએ ઉદાહરણરૂપ બની ગયું છે. પ્રાથમિક શિક્ષણથી શરૂ કરી કોલેજના ઉચ્ચ શિક્ષણ સુધી છેલ્લાં એક દાયકા કરતાં પણ વધારે સમયમાં થયેલા અનુકરણીય ફેરફારોની નોંધ સમગ્ર રાષ્ટ્ર કક્ષાએ લેવાઇ છે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે. ગુજરાતની આ ગૌરવપ્રદ સિદ્ધિમાં આપ સૌનો સહકાર નોંધપાત્ર રહ્યો છે.

મિત્રો, દર વર્ષની જેમ આ વર્ષે આગામી તા.૧૨,૧૩,૧૪ જૂન દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં અને તા.૧૯,૨૦,૨૧ જૂન દરમિયાન શહેરી વિસ્તારમાં ફરીથી આપણે શિક્ષણનો મહોત્સવ – શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ મનાવવા જઇ રહ્યા છીએ. આપ સૌના સહકારથી દર વર્ષે ઉજવાતો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આ વર્ષે બમણા આનંદ અને ઉત્સાહથી ઉજવવો છે. આખા ગામનો મનાતો આ પવિત્ર ઉત્સવ શાળામાં પ્રથમ ધોરણમાં દાખલ થતા નાના ભૂલકાઓનાં અભિવાદનનો અને તેમના સત્કારનો કાર્યક્રમ છે. શિક્ષણના અધિકાર – Right to Education અંતર્ગત શિક્ષણ મેળવવાના મળેલા મૂળભૂત અધિકારથી કોઇપણ બાળક વંચિત ના રહે તે વાત પુનઃ દ્રઢ કરવા માટે સમાજના તમામ વર્ગના લોકોએ એક સાથે, એક મંચ પર મળવાનું છે. શૈક્ષણિક કારકિર્દીના પ્રથમ પગથિયે પગ મૂકી રહેલા માસૂમ બાળકને બિરદાવવા, સત્કારવા, શાળા પ્રત્યેનું અનુસંધાન રચી આપવા તમામ ગ્રામજનો, શિક્ષકો, પદાધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, બોર્ડ – નિગમના પદાધિકારીઓ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી – સૌ તેમને ફાળવેલ શાળામાં એક સાથે એક મંચ ઉપર ઉપસ્થિત રહેશે અને પ્રસંગને અનુરૂપ ચર્ચા વિચારણા કરી શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરશે.

મિત્રો, ફરીથી એકવાર આપણે સૌ શાળા પ્રવેશોત્સવરૂપી યશકલગીમાં એક નવું પીંછું ઉમેરીએ, દરેક ગામમાં પહોંચીને નાના બાળકને આવકારીએ, તેના હૃદયમાં શાળા માટે રહેલા ડરને દૂર કરીએ. ધોરણ ૧ માં પ્રવેશ પાત્ર એક પણ બાળક પ્રવેશથી વંચિત ન રહે તેની અંગત કાળજી રાખીએ, આંખમાં અમી, હૃદયમાં ઋજુતા અને મનની મોટપ લઇને બાળકની માસૂમિયત સાથે થોડો સમય વીતાવીએ, તેના આંતરજગતમાં ડોકિયું કરીએ. તેની ભાષામાં તેની સાથે તેને સમજાય તેવો સંવાદ કરીએ અને શાળા પ્રવેશોત્સવને સાર્થક કરીએ. નામાંકનમાં ૧૦૦ ટકા સફળતા મેળવ્યા બાદ સ્થાયીકરણમાં ૧૦૦ ટકાના લક્ષ્યાંકને આંબવાની તૈયારીમાં છીએ ત્યારે વિકાસની આ ગતિને આપણે આગળ વધારીએ.

આપ સૌ જાણો છો કે માધ્યમિક શાળામાંથી ધોરણ – ૮ ને પ્રાથમિકમાં સમાવવાનો અમલ કર્યા બાદ ધોરણ ૭ પાસ કરેલ કોઇપણ બાળક ધોરણ ૮ ના પ્રવેશથી વંચિતના રહે તેની પણ આપણે અંગત કાળજી રાખીએ એ જ રીતે ધોરણ ૮ પાસ કરનારને નજીકની ધોરણ ૯ ધરાવતી માધ્યમિક શાળામાં પણ પ્રવેશ મળે એ જોવાની પણ આપણી માનવીય જવાબદારી છે.

મિત્રો, ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના જન્મદાતા અને પ્રણેતા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આપણા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી હવે રાજ્યના સિમાડા ઓળંગી ભારત દેશના વડાપ્રધાન પદે બિરાજ્યા છે ત્યારે તેમણે શરૂ કરેલ નાના ભૂલકાંઓ માટેનું આ અભિયાન આ વર્ષે બમણા ઉત્સાહથી આગળ ધપાવી સફળ બનાવીએ અને એ રીતે આપણે સૌ તેમને અભિનંદીએ.

ચાલોને મિત્રો ઘડીભર આપણો મોભો, આપણો હોદ્દો, આપણી ઉંમર ભૂલીને બાળકમય બની જઇએ!

**"હોય તિમિર ત્યાં ટમટમતું એક ફાનસ થઇએ,**
**માણસનો અવતાર મળ્યો છે, માણસ થઇએ."**

આપણે સૌ સાથે મળી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કંઇક નક્કર કરીએ અને એ રીતે દેશસેવાના આ શૈક્ષણિક યજ્ઞમાં યથાશક્તિ યોગદાન આપીએ.



**શ્રી નાનુભાઇ વાનાણી**
માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી
રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
(સ્વતંત્ર હવાલો), જળ સંપત્તિ (કલ્પસર સિવાય)
શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ)
ગુજરાત રાજ્ય

## હાર્દિક શુભેચ્છાઓ સહ,
## જય જય ગરવી ગુજરાત

**ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,**
**ગાંધીનગર**



**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
માનનીય મંત્રીશ્રી
શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ)
ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,
અન્ન નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતો,
સાયન્સ-ટેકનોલોજી
ગુજરાત રાજ્ય

# જીવન શિક્ષણ

(મૂળ સ્વરૂપ : 'શાળાપત્ર'સ્થાપના ઈ.સ. 1862)

સળંગ વર્ષ : 47 અંક : 6

અધ્યક્ષ : ડૉ. આર. યુ. પુરોહિત નિયામક

તંત્રી : શ્રી બી. એન. રાજગોર સચિવ
સહતંત્રી : શ્રી એચ. એન. દાફડા રીડર

સહતંત્રી : ડૉ. રાઘવજી માધડ રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

**સંપાદક મંડળ**

જૂન - 2014 વાર્ષિક લવાજમ ₹ 100/-
ફોન નં. : (079) 23256830 થી 23256831
ફેક્સ : (079) 23256812
ઈ-મેલ : gcert_21@yahoo.com
વેબસાઈટ : www.gcert.gujarat.cgv.in
તંત્રીશ્રી : જીવન શિક્ષણ, જીસીઈઆરટી
વિદ્યાભવન, સેક્ટર 12, ગાંધીનગર પીન - 382016

Gujarat Council of Educational
Research & Training, Gandhinagar


**લવાજમ અંગે**

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- રાખવામાં આવેલું છે. લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર એમ એક વર્ષનું ગણવામાં આવશે. લવાજમ મોકલનારે "સચિવશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના" ના નામનો રૂા. ૧૦૦/- નો ડ્રાફ્ટ 'જીવન શિક્ષણ' જી.સી.ઈ.આર.ટી., વિદ્યાભવન, સેક્ટર-૧૨ 'ઘ'-૪ કોર્નર પાસે, ગાંધીનગર, પિન-૩૮૨૦૧૬ ને મોકલવાનો રહેશે. લવાજમ મોકલનારે પોતાનું પૂરેપૂરું સરનામું પિનકોડ નંબર સહિત અચૂકપણે મોકલવાનું રહેશે. રોકડેથી કે મનીઓર્ડરથી લવાજમ સ્વીકારતા નથી.


મુદ્રક
**રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા.લિ.**
301, પુનિત પ્લાઝા કોમ્પલેક્ષ, નવગુજરાત કોલેજની પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ-14
ફોન નં. 079-27540243, 27540365,
ફેક્સ : (079) 27541264
ઈ-મેલ : reliableprintery@yahoo.com


## બે શબ્દની વાત

- રાઘવજી માધડ

પ્રેમ પરમતત્ત્વ છે. પરમાત્માસ્વરૂપ છે. પ્રેમ સ્વયં પોતાનો પુરસ્કાર છે. પ્રેમમાં હોવું એ અદ્‌ભુત ઘટના છે. માણસની દૃષ્ટિ જ બદલાઈ જાય છે. દરેક વસ્તુ અનેરી ને અનોખી લાગે છે, દરેક ચીજ રૂપાળી ને હૂંફાળી લાગે છે... નિજ કર્મ પણ એટલું જ વહાલું લાગે છે.

આપણો પ્રેમ-સંબંધ છે નિર્દોષ, નમણાં, ભોળુડાં ભૂલકાંઓ સાથેનો. સાક્ષાત્ પરમાત્માસ્વરૂપ શિશુ સાથેનું કામ એ માત્ર વ્યવસાય નથી પણ પ્રેમપૂર્વકની ભક્તિ છે. વહાલપભર્યો આપણો કર્મયોગ છે.

નવાગંતુક બાળકો, પ્રવેશ પામી શાળામાં દાખલ થયાં હશે. વર્ગખંડમાં બેઠાં હશે. આ વેળા વર્ગખંડ પતંગિયાના પ્રદેશ જેવો કે એક ફળદ્રુપ ખેતરમાં ઊગેલાં ફૂલ-છોડ જેવો લાગતો હશે !

આ બાળકોની આંખોમાં ઝાંખીને જોઈશું તો જેમ કાનુડાએ મોં ખોલી માતાને બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં હતાં તેમ વિસ્મયભરી એક અજબ દુનિયાનાં આપણને દર્શન કરાવશે !

ઘરનું મનગમતું ફળિયું છોડીને બાળકે પ્રથમ વખત શાળાના પ્રાંગણમાં પગ મૂક્યો છે. તેને જરૂર છે પ્રેમ, હૂંફ અને લાગણીની. તે સૌના સામે ટગર ટગર જુએ છે... તેની નજર શોધે છે : પરિવારનો પ્રેમ અને માતાનું વાત્સલ્ય.

આપણું માત્ર એક સ્મિત, પ્રેમાળ દૃષ્ટિ બાળકને માટે બહુ થઈ પડશે. તે શાળાને ચાહતો થશે. ગુરુજીઓ વહાલા લાગશે. પછી તો તેને શાળામાં આવવું, રોકાવું અને ભણવું ગમશે.

- બે વ્યક્તિ વચ્ચેનું અંતર કેટલું ? એક સ્મિત જેટલું

બાળક પ્રત્યેના પ્રેમનો પ્રવાહ ધીમો ન પડે, સતત વહેતો રહે તે માટે સારાં પાસાંઓ અને હકારાત્મક બાબતોને શોધતી રહેવી પડશે. શાળામાં પ્રવેશ પામતા બાળક પ્રત્યેની ચાહત એ હકની સાથે જવાબદારી પણ બને છે.

મારા પાસે જે આવડત છે તેના દ્વારા, ઈશ્વરે બાળકમાં જે કાંઈ મૂક્યું છે તેને પ્રકટાવવાનો, બહાર લાવવાનો હું તન અને મનથી પ્રયત્ન કરીશ. કારણ કે, બાળક સાથેનો પ્રેમ એટલે અર્પણ અને સર્વ સમર્પણ.

શાળા, સમાજ અને સરકારશ્રીના શ્રેષ્ઠ સમન્વય થકી ઉજવાઈ રહેલા કન્યા કેળવણી મહોત્સવ, પ્રવેશોત્સવનાં ખૂબ જ સારાં પરિણામો મળી રહ્યાં છે.

મુદ્દાની વાત છે : પ્રેમ સ્વરૂપ અથવા તો બ્રહ્મસ્વરૂપ આપણાં બાળપુષ્પોને પ્રેમ કરવાની, સમર્પિત થવાની...

**ગુરુમંત્ર :**

ભગવાન દત્તાત્રેયે ચોવીસગુરુ પૈકી એક ગુરુપદે બાળકને સ્થાપ્યું હતું. બાળકના સાન્નિધ્યમાં રહેવાથી સદ્‌ગુણોનો વિકાસ થાય છે. બાળસહજ પ્રવૃત્તિઓમાં એકાગ્રતા કે તલ્લીનતા એ ભક્તિયોગ છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શાળા-પ્રવેશોત્સવની હકારાત્મક અસરો | - જગમાલ રામ | ૫ |
| ૨ | પ્રાથમિક શાળામાં અંગ્રેજીનું શિક્ષણ | - યોગેન્દ્ર વ્યાસ | ૭ |
| ૩ | સમાજના આદર્શ દ્રષ્ટા | - ડૉ. દેવાભાઈ પ્રજાપતિ | ૧૦ |
| ૪ | હસ્તાક્ષર સુધારણા | - ડૉ. અક્ષય સાગર મહેતા | ૧૨ |
| ૫ | વેદના - સંવેદના | - ડૉ. વર્ષાબહેન પટેલ | ૧૪ |
| ૬ | કેળવણી : શ્રી માતાજી | - છગનભાઈ ટુંડીયા | ૧૬ |
| ૭ | English Quiz | - સાગર ડી. અજમેરી | ૧૯ |
| ૮ | આમ પણ બને ! | - સંકલન | ૨૨ |
| ૯ | ભેદ નહીં માત્ર ભાવ | - જીજ્ઞાબહેન કે. ઠકરાર | ૨૬ |
| ૧૦ | પાઠ્યપુસ્તકમાં અભિવ્યક્તિ થતાં જીવનમૂલ્યો | - ડૉ. મધુકાંત આચાર્ય | ૨૮ |
| ૧૧ | સંશોધન સારાંશ | - ડૉ. રોહિત સી. પટેલ | ૩૦ |
| ૧૨ | શિક્ષક : શક્યતાનું શિલ્પ ! | - રેવાભાઈ પ્રજાપતિ | ૩૧ |
| ૧૩ | ચંદરવો | - સંકલન | ૩૩ |
| ૧૪ | ભાવ પ્રતિભાવ | - સંકલન | ૩૪ |


## લેખકો માટે

- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક સજ્જતામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પુરસ્કારનું ધોરણ રાખવામાં આવેલ છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન સાથે સામાજિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય-લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, ફૂલ્સકેપ કાગળમાં યોગ્ય જગ્યા છોડીને કાગળની એક બાજુએ લખાયેલ હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર-વિગત સાથે અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી કે સંપાદકમંડળ સહમત છે એમ માનવું નહીં.

# શાળા-પ્રવેશોત્સવની હકારાત્મક અસરો

- જગમાલ ડી. રામ

**પ્રસ્તાવના :**

આપણા રાજ્યની પ્રાથમિક શાળામાં ધોરણ પહેલામાં નવા પ્રવેશ પામતાં બાળકોને આવકારવા, સન્માનવા, તેમ ઉત્સાહભેર પ્રવેશ આપવાના ઉમદા ઉદ્દેશના સ્વરૂપે સરકારશ્રીના ''શાળા-પ્રવેશોત્સવ'' જેવા નવતર અભિગમના પ્રયાસોથી છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘણી હકારાત્મક અસરો રહી છે. નાજુક બાળકની પ્રવેશ વખતની શાળા પ્રત્યેની ભાવના તનાવયુક્ત ન રહેતાં આનંદપ્રદ બની રહે એવો આદર્શ હેતુ પણ પાર પડ્યો છે. પ્રવેશના પ્રથમ દિવસે જ આવકાર સહિતની પ્રવેશવિધિથી બાળકના કોમળ અને કોરા મનમાં જાણે કે શુભ ભવિષ્યના શ્રીગણેશ થતા હોય એવું સહજ પ્રતીત થતું લાગે છે. સત્રની શરૂઆતમાં જ શુકનવંતા આ ભવ્ય ઉત્સવથી શાળા જાણે કે નવપ્રવેશથી નવપલ્લવિત થતી લાગે છે. આજના શૈક્ષણિક યુગમાં એક બાળકનો પણ શાળાપ્રવેશ કેટલો મહત્ત્વનો છે તેની સૂક્ષ્મ નોંધ તેમજ 100% નામાંકનની ઝુંબેશ આવા પ્રસંગોના પરિપાકે પરિપૂર્ણ થઈ છે. શિક્ષણના સાર્વત્રીકરણ માટે શરૂઆતના પ્રયાસો કેટલા અસરકારક હોય છે તેની પણ પ્રતીતિ સૌને થવા પામી છે. શાળા-પ્રવેશોત્સવની વિશાળ પ્રમાણમાં જોવા મળતી હકારાત્મક બાજુઓમાંથી કેટલીક બાબતોને ઉપસાવવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

**શાળા-પ્રવેશોત્સવની હકારાત્મક અસરો :**

શિક્ષણના સાર્વત્રીકરણના ઉદ્દેશ માટે સરકારશ્રીએ અમલમાં મૂકલી યોજનાઓ ડીપીઈપી, એસએસએએમ વગેરેના ચોક્કસ ધ્યેયોને સિદ્ધ કરવાના ઘણા પ્રયાસોમાં વિવિધ મુદ્દાઓને પ્રાધાન્ય અપાયું છે. જેમાં પ્રાથમિક કક્ષાએ શરૂઆતના તબક્કે જ નામાંકનનો હેતુ પૂર્ણ રીતે હાંસલ થાય તે માટે ''શાળા-પ્રવેશોત્સવ''નો અભિગમ ઘણો જ મહત્ત્વનો તેમજ અસરકારક રહ્યો છે. જેની કેટલીક મહત્ત્વની હકારાત્મક જોવા મળી છે. જોઈએ તો -

(1) **ઉદ્દેશપૂર્ણ ઉત્સવથી સત્રની શરૂઆત** : મોટાભાગે ઉત્સવો, પ્રસંગો, મેળાઓ માત્ર આનંદ, મોજ ખાતર જ હોય એ વાત સર્વવિદિત છે. પણ શાળામાં યોજાતો આ પ્રવેશોત્સવ આપણા ઘણા મહત્ત્વના ઉદ્દેશોને સ્પર્શી જાય છે. શાળામાં દાખલ થતું બાળક એક રીતે સૌ માટે આનંદપૂર્ણ ઘટના કહેવાય, દેશ અને સમાજ માટે ગર્વની વાત કહેવાય અને શુભ પ્રવેશને ઉત્સવ રૂપે ન ઊજવીએ તો આપણી ભૂલ પણ કહેવાય. માટે જ આપણો આ શાળાનો પર્વ 'પ્રવેશોત્સવ' મહત્ત્વનો બની રહે છે.

ઉનાળાની લાંબી રજાઓ બાદ શાળાઓ ખૂલતી હોય, બાળકને શાળાની યાદ આવતી હોય તો વળી ક્યારેક ઘણા દિવસોના વિહાર બાદ ઘડીભર શાળા નિરસ પણ લાગતી હોય ત્યારે શરૂઆતના દિવસોમાં જ યોજાતો ઉલ્લાસમય ઉત્સવ બાળકને શાળા પ્રત્યે સહજ રીતે ઓતપ્રોત કરી દે છે અને શાળા જાણે કે ચેતનવંતી બની જાય છે. તો વળી ધોરણ-૧માં પ્રવેશ પામતું નવપ્રવેશિત બાળક પણ ઉત્સવથી હરખાઈ જાય છે અને શાળા પ્રત્યેની પોતાની માનસિકતા આનંદપ્રદ બનાવી દે છે. આવી અસરોથી આપણે વાવેલા ઉદ્દેશો પણ સિદ્ધ થઈ જાય છે.

(2) **નવપ્રવેશિત બાળક માટે આવકાર ઘડી** : બાળક એ પરમાત્માની પ્રતિકૃતિ જ છે. બાળકનું સન્માન ઈશ્વરનું સન્માન છે. સત્રના શ્રીગણેશમાં જ બાળપ્રભુનો આવકાર એક શુકનવંતી ઘડી ગણાય. તો વળી, નવા પ્રવેશ પામતા બાળકનો વિશેષ આવકાર તે બાળક માટે એક અણમોલ ઘડી બની રહે છે. એક કહેવત પ્રમાણે શરૂઆતની અસર છેક છેલ્લે સુધી રહે છે. એમ નાના બાળકનું શાળા પ્રત્યેનું મનોવલણ આવા પ્રસંગથી સતત હકારાત્મક બની જાય છે. શાળા પ્રત્યેનો બાળકનો ''હાઉ'' મગજમાંથી નીકળી જાય છે. આવકાર, સન્માન, મીઠાઈ, ઈનામ, પ્રોત્સાહન વગેરે આનંદપ્રદ બાબતોથી તેનું કોમળ મન જાણે કે હકારાત્મક પરિબળોથી તરબોળ થઈ જાય છે. જે તેના સમગ્ર શાળાજીવનમાં સારી અસર ઉપજાવે છે. દરેક બાળકને વ્યક્તિગત રીતે અપાતું સન્માન અને તેના વિશેની લેવાતી નોંધ બાળકને શાળા પ્રત્યે આકર્ષિત કરવામાં અસરકારક ભાગ ભજવે છે. આ રીતે શાળા-પ્રવેશોત્સવના રોજ બાળકને અપાતું સન્માન તેના માટે દીર્ઘ સમયની યાદગાર ઘડી બની જાય છે.

(3) **મહાનુભાવોની શાળા મુલાકાત** : શાળા-પ્રવેશોત્સવની સફળતાના એક ભાગરૂપે સરકારશ્રીના ઉચ્ચ અધિકારીઓ, મહાનુભાવો આ પ્રસંગ નિમિત્તે છેક છેવાડાના વિસ્તાર સુધીની મુલાકાત લેતા થયા છે. જેના કારણે આ પ્રસંગને વિશેષ મહત્ત્વ મળી રહે છે. વિશેષમાં અંતરિયાળ વિસ્તારની વાસ્તવિક સ્થિતિ જાણવાનો અવસર પણ તેઓને સાંપડે છે. ગામડાનો કોઈ અભણ નાગરિક કે વાલી પણ પોતાની વેદના નિખાલસ રીતે જણાવી શકે છે. જે મુદ્દા સરકારશ્રીની ઉપરની કચેરી સુધી પહોંચતાં જે-તે પરિસ્થિતિને ઉકેલવા

માટે સરકારશ્રીને પણ દિશાસંકેત મળી રહે છે. તો વળી, સ્થાનિક ગામ, શાળા માટે પણ આવા મહાનુભાવોની મુલાકાતો પ્રેરણાસ્રોત બની રહે છે. કેટલાક કાયમી સતાવતા પ્રશ્નોની ઉચ્ચકક્ષાએ કરવાની થતી રજૂઆત ઘણી વાર ઘરઆંગણે જ ઉકેલાય જાય છે. આ રીતે અધિકારીશ્રીની શાળા મુલાકાત ઘણી હકારાત્મક અસર પાડી જાય છે.

(4) **ઈનામ, પ્રોત્સાહન વગેરેની અસરકારકતા :** શિક્ષણ પ્રત્યે રસ ઉત્પન્ન કરવામાં પ્રલોભન પણ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ સચોટ પરિબળ છે. તો વળી મફત અને ફરજિયાત શિક્ષણની સંકલ્પસિદ્ધિ માટે પ્રોત્સાહનો શિક્ષણમાં અનુકૂળ ભૂમિકા ભજવે છે. મફત પાઠ્યપુસ્તકની સાથે સાથે પાટીપેન, ગણવેશ, શિષ્યવૃત્તિ બાળકને શાળા પ્રત્યે આકર્ષિત કરે છે. પછાત ગણાતા ઘણા વિસ્તારોમાં આવી બાબતો આશીર્વાદરૂપ બની રહે છે. દરખાસ્ત પહેલાં જ ચૂકવાતી શિષ્યવૃત્તિઓ વાલીને પણ શરૂઆતના તબક્કે શૈક્ષણિક ખર્ચને હળવો બનાવી દે છે. 100% નામાંકનના હેતુને પાર પાડવા વિદ્યાલક્ષ્મી બૉન્ડ જેવી યોજનાઓ કન્યા કેળવણીને વિશેષ પ્રોત્સાહિત કરે છે. બાળાઓને પ્રાથમિક ધોરણ સુધી સતત જાળવી રાખવાનો સરકારશ્રીનો પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે. શિક્ષણનાં ધ્યેયોને પામવામાં આ પરિબળ પણ નોંધનીય ફાળો આપી જાય છે.

(5) **વાલી સમુદાયની જાગ્રત ભૂમિકા અને સહયોગ :** શિક્ષણના ઉચ્ચ ધ્યેયોને પામવામાં વાલીનો સહકાર પણ અગત્યની બાબત બની રહે છે. શાળા-પ્રવેશોત્સવના દિવસે વાલીની હાજરી સહાયભૂત ભૂમિકા ગણી શકાય. પોતાના બાળકના વિકાસ માટે એક વાલી તરીકેની જવાબદારી આવા પ્રસંગોથી તેમને અવગત કરે છે. શિક્ષણના વિષયમાં તેઓ રસ લેતા થાય છે. સરકારશ્રીના ઉદ્દેશો, યોજનાઓ, વિવિધ શિક્ષણઉત્કર્ષના પ્રયાસોની જાહેર ચર્ચા થતાં બાળકનાં માતા-પિતા શિક્ષણની નજીક આવે છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વાલીઓ, ગ્રામજનો, મુરબ્બીઓ, મહાનુભાવો, અતિથિઓ સાથે મળતા શિક્ષણના ઉત્કર્ષની પોતાની ફરજ અને સામૂહિક પરામર્શનો એક અવસર ખાસ કરીને વાલીસમુદાયને સ્પર્શી જાય છે. સાથે સાથે વાલી પોતાના બાળકની પ્રગતિ પણ જાણી તેમાં રસ લેતો થાય છે અને સરકારની વિવિધ વિકાસયોજનાઓથી પરિચિત થાય છે. આ રીતે પ્રવેશોત્સવ નિમિત્તે શાળામાં વાલીની હાજરી ઘણી જ હકારાત્મક સાબિત થાય છે.

(6) **એક સમાન પ્રવેશક્રિયા :** પ્રવેશપાત્ર દરેક બાળકને એક જ દિવસે પ્રવેશ આપી શાળામાં દાખલ કરી દેવામાં આવે છે. પ્રવેશપાત્ર એટલે કે નિશ્ચિત તારીખે જેને પાંચ વર્ષ પૂર્ણ થતાં હોય તેવાં બાળકો. પ્રવેશોત્સવના દિવસે જે બાળકને પાંચ વર્ષમાં થોડા દિવસો બાકી હોય તેને પણ તમામ બાળકોની સાથે શાળાએ આવતા કરી દેવામાં આવે છે. જેથી કરીને બધાં બાળકોની પ્રગતિને સમાનતા મળે. માત્ર વહીવટી સરળતા ખાતર જે-તે દિવસે પાંચ વર્ષ પૂર્ણ થતાં હોય તે બાળકને શાળાના વયપત્રક ઉપર ચઢાવવામાં આવે છે. ત્યારથી શાળામાં તેને વયપત્રક નંબર અપાય છે. પણ આ બાબતો તેના હાજરીના દિવસોમાં કે શિક્ષણ લેવામાં કોઈ અસર પહોંચાડી શકતી નથી. આ બાબતને લીધે અભ્યાસક્રમને ભણાવવામાં પણ સરખો ન્યાય આપી શકાય છે. આ રીતે એક સમાન પ્રવેશક્રિયા બાળકની વ્યક્તિગત પ્રગતિ માટે સહાયભૂત સાબિત થાય છે.

(7) **સાક્ષરતાના ધ્યેય માટે ઉપકારક પ્રયોજન :** ''સૌ ભણે સૌ આગળ વધે'' અને ''દીકરો ભણે ને દીકરી ભણે'' એવા સર્વ શિક્ષા અભિયાન મિશનના ઘણા પ્રયત્નોમાં ''શાળા-પ્રવેશોત્સવ''લક્ષી પ્રયાસો પણ ધ્યાને આવે તેવા છે. 100% નામાંકન એ આજના પ્રાથમિક શિક્ષણનું પાયાનું અને મહત્ત્વનું ધ્યેય બન્યું છે. કારણ આ લક્ષ્યાંકને પાર પાડ્યા પછી જ આગળનાં ધ્યેયોને પ્રાધાન્ય આપી શકાય તેમ છે. પાંચ વર્ષ પૂર્ણ થતાંની સાથે દરેક વિસ્તારના બાળકને ધોરણ-૧ માં પ્રવેશ આપી દેવામાં આવતાં શક્ય હોય ત્યાં સુધી એક બાળક પણ શિક્ષણથી વંચિત રહેતું નથી. અને આ 100% પ્રવેશને હાંસલ કરવા મહિનાઓ અગાઉથી કવાયત ચાલુ કરી દેવામાં આવે છે. ખૂલતા વેકેશનના પહેલા સપ્તાહમાં જ શાળાપ્રવેશવિધિને વિશેષ મહત્ત્વ આપી નામાંકનના ધ્યેયને પાર પાડી શકાય છે અને આ પ્રયાસોના પરિણામે ખાસ કરીને ગ્રામ્યવિસ્તારો, અંતરિયાળ પછાત વિસ્તારોમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘટ્યું છે. દરેક નાગરિક પોતાના બાળકને શાળામાં દાખલ કરવા જાગ્રત બન્યો છે. તો સાથે સાથે પ્રવેશોત્સવ જેવા પર્વને પ્રત્યક્ષ નિહાળી ઉત્સાહિત પણ બન્યો છે. આમ, શાળા-પ્રવેશોત્સવનું પ્રયોજન સાક્ષરતાના સ્તંભને ઊંચો લઈ જવા ઉપકારક બને છે.

**ઉપસંહાર :**

અંગ્રેજીમાં એક કહેવત છે, Well begun is half Done એટલે કે કોઈ પણ કાર્યની સારી શરૂઆત અડધી સફળતા જ છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે અને દેશના આશાસ્પદ ભવિષ્યને જો કેળવણીના ક્ષેત્રમાં જ શરૂઆતથી આટલું મહત્ત્વસભર બનાવવામાં આવે તો તે નિરક્ષરતા જેવા કલંકને નિઃશંક રીતે દૂર કરી શકે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. આ વાતના અનુસંધાને 'શાળા-પ્રવેશોત્સવ'નું મહત્ત્વ ખૂબ જ વધી જાય છે. આવો, પ્રભુને પ્રાર્થના કરીએ કે તારો પડછાયો બાળક સ્વરૂપે દિનપ્રતિદિન શાળાએ હરખાઈને દોડતો આવે.

*- આચાર્ય, શ્રી પીપળવા પ્રાથમિક શાળા,*
*તા. માળિયા(હા.), જિ. જૂનાગઢ*

# પ્રાથમિક શાળામાં અંગ્રેજીનું શિક્ષણ

- યોગેન્દ્ર વ્યાસ

ઈ.સ. ૨૦૧૧માં જીસીઈઆરટીની અભ્યાસક્રમ સમિતિએ ધોરણ ત્રીજાથી અનૌપચારિક રીતે અંગ્રેજી શિખવવાની ભલામણ કરી ત્યારે પક્ષ-વિપક્ષમાં ઘણી ચર્ચા થયેલી, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક વિના, બાળકોની જરૂર અને સજ્જતા અનુસાર રમતાં-રમતાં પ્રવૃત્તિઓથી અંગ્રેજી શીખવવું અને તેની કોઈ પરીક્ષા ન હોય તે વિશે સર્વસંમતિ હતી.

જેની પરીક્ષા ન હોય તેવો કોઈ વિષય બાળકો (અને મા-બાપ પણ અને શિક્ષકો પણ) ભણવા-ભણાવવા તૈયાર થાય ? એક પ્રયોગ તરીકે અમદાવાદના સી.એન.બાલ વિદ્યાલયના ચોથા ધોરણનો એક વર્ગ પસંદ કર્યો. અઠવાડિયામાં માત્ર એક કલાક, દર શનિવારે શાળા છૂટે પછી બાળકો સાથે રમવાનો વાર્તાઓ કહેવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો.

પશુ-પંખીઓ પદાર્થોના ઘણાં બધાં રંગીન ચિત્રોનાં કાર્ડ (ગંજીફાના પત્તાના આકારનાં) તૈયાર કર્યાં. જુદાં કાર્ડ ઉપર એ સૌનાં અંગ્રેજી નામ ગુજરાતી અને અંગ્રેજીમાં મોટા અક્ષરે લખ્યાં. ચિત્રની સાથે શબ્દનાં કાર્ડની જોડ બનાવવાની રમતથી શરૂઆત કરી. બાળકોને ગુજરાતી શબ્દો વાંચતાં આવડતા હતા. કુલ આઠ જૂથમાં પચાસ પચાસ કાર્ડ આપ્યાં અને દરેક જૂથ પચ્ચીસ જોડ કેટલી ઝડપથી બનાવે છે તેની રમત શરૂ કરી કેટલાંક જૂથ તો ત્રીજી જ મિનિટે કાર્ડની જોડ બનાવી, આંગળીઓ ઊંચી કરી તૈયાર થઈ ગયાં. ચાલીસેક મિનિટમાં આઠે જૂથ કાર્ડની જોડ બનાવવાની રમત વારાફરતી રમી ચૂક્યાં. દરેક જૂથનો એક નેતા નીમી દરેક જૂથને એ પચાસ કાર્ડ સાથે રાખવા સૂચવ્યું. અઠવાડિયા દરમિયાન રોજ રિસેસમાં દરેક જૂથે એકાદવાર તો આ રમત રમી લેવી તેમ સૂચવ્યું. વળી, દરેક જણે એ પચાસે નામ પોતાની નોટમાં ઊતારી લેવાનું સૂચવ્યું. આ સાથે ચિત્રો સાથે શબ્દો લખ્યા હોય તેવાં તૈયાર કાર્ડ પણ તેમને આપ્યાં. આ બાળકોને તેમના રોજિંદા સમયપત્રકમાં અઠવાડિયામાં બે તાસ અંગ્રેજીના હતા અને તેમાં તેમને અન્ય શિક્ષક શબ્દો, તેના સ્પેલિંગ વ્યાકરણ વગેરે શિખવતા હતા.

બીજા શનિવારે કાર્ડની રમતની સાથે અન્ય એક રમત ઊમેરી, બાળકો વર્તુળમાં છૂક છૂક ગાડી રમે અને મોટેથી બોલે ધ ટ્રેન ઈઝ રનિંગ વેરી ફાસ્ટ, ધ ટ્રેન ઈઝ રનિંગ વેરી સ્લો. ટ્રેનની જગ્યાએ બસ, કાર, સાઈકલ, હોર્સ વગેરે જેવા શબ્દો મૂકતા જાય અને એ પ્રકારનો અભિનય કરતાં જાય પછી ધ બર્ડ ઈઝ ફ્લાઈંગ / સિંગિંગ ધ ફ્રોગ ઈઝ જમ્પિંગ જેવા અને એકથી વધારે બાળકોને સાથે રાખી ધ બર્ડ્ઝ આર સિંગિંગ, ધ ફ્રોગ્સ આર જમ્પિંગ જેવાં વાક્યો ઉમેરાતાં જાય એકવચન / બહુવચન, આર્ટિકલ્સનો ઉપયોગ, વગેરેનો આડકતરો મહાવરો આ રમતોની મદદથી બીજા બે શનિવાર ચાલ્યો.

પાંચમા શનિવારે આ રમતો ઉપરાંત છેલ્લી દસ મિનિટમાં સાવ નાની (દસેક વાક્યની) વાર્તા પહેલાં ગુજરાતીમાં અને એ જ વાર્તા પછી અંગ્રેજીમાં કહેવાની શરૂ કરી, જાણીતી વાર્તાઓ છતાં બાળકોને તેમાં રસ પડતો.

આઠમા શનિવારથી વાર્તા કહેવાનો સમય લંબાવ્યો અને નવમા શનિવારથી ક્રમ ઊંધો કરીને પહેલાં અંગ્રેજીમાં અને પછી એ જ વાર્તા ગુજરાતીમાં કહેવાનું શરૂ કર્યું. હવે એકને બદલે બે વાર્તા કહેવાની શરૂ કરી.

પંદરમા શનિવારે જે દસ વાર્તાઓ વર્ગમાં કહેવાઈ હતી તેનાં એક એક વાક્યને છૂટાં લખી, તેની વાક્યપટ્ટીઓ અલગ બનાવી તે વાક્યપટ્ટીઓ વાર્તા જે ક્રમમાં કહેવાયેલી તે ક્રમમાં ગોઠવવાની જૂથ રમત શરૂ કરી ચિત્રો-શબ્દોનાં કાર્ડની રમત હવે બંધ કરી.

સોળમા શનિવારે બીજા સત્રનો આરંભ થયો ત્યારે આઘાતજનક રીતે વર્ગની સંખ્યા માત્ર સોળ બાળકોની હતી. મા-બાપોની ધારણા હતી કે આ વર્ગમાં જે કામ થયું છે તેની પરીક્ષા લેવાશે. મેં શરૂથી જ સ્પષ્ટતા કરેલી છતાં એમાંનાં મોટાભાગનાં ધારતાં હતાં કે અનૌપચારિક મૂલ્યાંકન તો થશે

જ અને એમના પહેલા - બીજા નંબર પણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને નહીં તો મા-બાપોને તો બાળકોની પ્રગતિનો અહેવાલ આપવામાં આવશે. પણ એમાંનું કશું થયું નહીં અને બાળકોની સંખ્યા અડધા ઉપર ઘટી ગઈ.

બીજા સત્રથી એક કલાકનો સમય કુલ ચાર ભાગમાં વહેંચાયો. પહેલી પંદર મિનિટ અભિનય સાથે ગીતોની રમત ચાલે, નવાં નવાં વાક્યો ઉમરાતાં જાય પછી અંગ્રેજીમાં હું વાર્તા કહું ને બાળકો એક પછી એક એમાંથી શું સમજ્યા તે ગુજરાતીમાં કહે. ત્રીજી પંદર મિનિટમાં વાક્યપટ્ટીઓના ક્રમ અથવા જોડકાં ગોઠવવાની જૂથ રમત હોય. છેલ્લી પંદર મિનિટમાં ત્રણ-ચાર બાળકો ઘેરથી વાંચીને આવ્યાં હોય તે નાની વાર્તા વર્ગમાં મોટેથી વાંચે અને સાંભળનારાં બાળકો તેનો ગુજરાતીમાં સારાંશ કહે.

વર્ષના અંત સુધીમાં બાળકો માત્ર વાર્તા વાંચવા ઉપરાંત તેને સ્વતંત્ર રીતે કહેતાં પણ થઈ ગયેલાં. વળી, છેલ્લે છેલ્લે તો કોઈ એક વિષય ઉપર તરત પાંચ મિનિટમાં સ્વતંત્ર રીતે પાંચ વાક્ય તૈયાર કરીને બોલવાનો આત્મવિશ્વાસ પણ આવી ગયેલો.

આ પ્રયોગ વિશે દૂરદર્શન (ગિરનાર ડીડી)ના બાળકાર્યક્રમના સંચાલકોને જાણ થતાં વર્ષના અંતે શાળામાં આવી તેમણે આ કાર્યક્રમનું ત્રણેક કલાકનું રેકોર્ડિંગ કર્યું અને તેનું પ્રસારણ તેમના 'રમત રમતાં' કાર્યક્રમમાં પાંચેક વખત દર્શાવ્યું.

બીજે વરસે અમે રમતોની સાથે નાટ્યપ્રવૃત્તિ પણ શરૂ કરી દરેક બાળકને ભાગે ચાર-પાંચ વાક્ય આવે તેવાં નાનાં-નાનાં દ્રશ્યો ભજવવાં શરૂ કર્યાં. દરેક જૂથ વારાફરતી ઝૂ, રેસ્ટોરાં, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, બર્થ ડે પાર્ટી, વોટર-પાર્ક, દિવાળી, ક્રિસ્ટમસ, હોળી, બળેવ જેવા વિષયો ઉપર વીસ-ત્રીસ, વાક્યના સવાદો ભજવતાં 'ચંપક'માંની અંગ્રેજી વાર્તાઓ વાંચતાં અને સમજતાં, જોક્સ વાંચતાં અને એને ગુજરાતીમાં કહેતાં.

આ બધી પ્રવૃત્તિ દરમિયાન વચ્ચે વચ્ચે કેટલીક વાક્ય રચનાઓ વિશે હું પ્રશ્નો પૂછ્યા કરતો. અહીં is કેમ છે ? અહીં were કેમ છે ! અહીં has been કેમ છે ! have કેમ વપરાયું છે ? the શા માટે છે ? અથવા an કેમ છે ? અંગ્રેજીના રોજિંદા વર્ગમાં આ બધું બરાબર સમજ્યાં હોય તેવાં પાંચ-સાત બાળકો એના જવાબ આપી શકતાં.

અંગ્રેજી શબ્દોના સ્પેલિંગ યાદ રાખવા માટેની બે રમતો અને લગભગ દર શનિવારે પાંચ-દસ મિનિટ રમતાં એક શબ્દ બોલવામાં આવે પછી એના સ્પેલિંગમાંનો દરેક વર્ણ (letter) એક પછી એક બાળકો ક્રમમાં બોલે બીજી રમત બે જૂથમાં વહેંચાયેલાં બાળકો સામ સામે શબ્દોના સ્પેલિંગ એકબીજાને પૂછતાં મોટાભાગના સ્પેલિંગ કાર્ડની રમતો વારંવાર રમવાને કારણે બાળકોને યાદ રહી ગયેલ.

બીજા વર્ષને અંતે સામૂહિક નાટક રચનાનો પ્રયોગ કર્યો. પાંચમા ધોરણમાં હોવાને કારણે સામાજિક વિજ્ઞાનમાં તેમને ગુજરાતની નદીઓ વિશે ભણવાનું હતું. દરેકને એક નદીનું પાત્ર સોંપી દીધું. પોતાના ઉત્પત્તિસ્થાન વિશે, લંબાઈ વિશે, દરિયામાં ક્યાં મળે છે તે વિશે, પોતાના ઉપર કેટલા બંધ છે અને નથી તો કેમ નથી જેટલી વિગતો વિશે દરેક પાંચ-સાત વાક્ય બનાવ્યાં. એમાં શો સુધારો કરી શકાય તે સૂચવ્યું. અને આ બધી વિગતો સંવાદરૂપે ભજવી. ત્રણેક શનિવારની પ્રેક્ટિસ પછી Save water, water will sav you નામે આ આખો સંવાદ પંદર મિનિટના કાર્યક્રમ રૂપે એકવીસ ફેબ્રુઆરી ૨૦૧૪ના માતૃભાષા દિને UTV ઉપર રજૂ કર્યો.

આમાંનાં મોટાભાગનાં બાળકો રોજિંદી વાતચીતમાં અંગ્રેજી બોલાતું હોય તો સંપૂર્ણ પણે સમજી શકે છે. ત્રણેક બાળકો વ્યાકરણની થોડી ભૂલો સાથે અંગ્રેજીમાં વાતચીત કરી શકે છે. મોટાભાગનાં બાળકોને ચિઠ્ઠી પાંચેક મિનિટમાં તૈયાર કરીને બોલવાનું કહેવામાં આવે તો બોલી શકે છે. આમાંનાં સાત બાળકોએ ૨૦૧૩ની સાતમી એસઓએફ ઈન્ટરનેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડમાં ભાગ લીધો અને એમાં ૧. લોજિકલ રીઝનિંગ ૨. મેથેમેટિકલ રીઝનિંગ અને ૩. એવરી-ડે મેથેમેટિક્સના પાંચમા ધોરણની કક્ષાના, અંગ્રેજીમાં પુછાયેલા પચાસ પ્રશ્નોના જવાબો આપી ગુજરાતનાં પહેલાં હજાર બાળકોમાં સ્થાન મેળવ્યું. બે જણ તો પ્રથમ સોમાં સ્થાન મેળવી શક્યા.

આ બાળકો ડિક્શનેરીનો ઉપયોગ કરીને અંગ્રેજી વાક્યોનું જ નહીં, બાળવાર્તાઓનું પણ ગુજરાતીમાં

ભાષાંતર કરી શકે છે. મોટા ભાગનાં બાળકો ટીવી ઉપર આવતાં 'છોટા ભીમ' 'ડોરેનોન' વગેરે કાર્ટૂનો અંગ્રેજીમાં માણી શકે છે.

એ સ્વીકારવું રહ્યું કે આખા વર્ગને બદલે માંડ સોળ બાળકો જ જૂથમાં રહ્યાં તેથી વર્ગમાં વધારે સારી કામગીરી થઈ શકી. ધ્યાનની કેન્દ્રિતતા વધી.

વળી, એ પણ સ્વીકારવું રહ્યું કે આખો વર્ગ હતો ત્યારે બધાં બાળકોને પહોંચી વળવું (દરેક જૂથ ઉપર ધ્યાન આપવું) અત્યંત મુશ્કેલ અને થાકી જવાય એવું કામ હતું. આખા વર્ગમાં ચાર બાળકો એવાં હતાં કે જેઓ 'આણે મારી પેન્સિલ લઈ લીધી.' 'આણે મને ધક્કો માર્યો' 'આણે મારું કાર્ડ લઈ લીધું.' 'આ મને પજવે છે.' એવી ફરિયાદ સતત કરતાં હતાં. એક બાળક તો ખરેખર સૌને પજવવાની જ કામગીરી કરતું હતું. અને પોતાના જૂથ સિવાય અન્ય જૂથમાં પણ ફરતું રહેતું. કોઈને ઠપકો આપવો નહીં. ગુસ્સો કરવો નહીં, હસી-મજાકમાં કલાક પૂરો કરવો એવા અભિગમને કારણે શરૂઆતમાં બહુ અવ્યવસ્થા રહેતી.

સોળ બાળકો રહ્યાં પછી પણ પેલા ચારમાંનાં ત્રણ બાળકો તો રહ્યાં જે એક ઓછું થવા છતાં બહુ ઓછો ફેર પડ્યો પણ પછી એક યુક્તિ શોધી કાઢી એ બાળકોની સાથે એક શાંત પણ નેતૃત્વના ગુણ ધરાવતા મજબૂત છોકરાને નેતા તરીકે મૂકી એક જૂથ બનાવ્યું પણ એથી તો ક્યારેક એ જૂથમાં મારામારી સુધીની સ્થિતિ ઊભી થતી એ જૂથને મારી સૌથી નજીક બેસાડવાનો કીમિયો તો પ્રથ્ર સત્રથી જ શરૂ કરેલો પણ જેવો હું બીજા જૂથો પાસે પહોંચું ત્યારે તેમને તક મળી જતી. વાર્તા સાંભળતી વખતે પણ તેઓ શાંત બેસી શકતાં નહીં એટલે સૌથી વધુ શાળા કરનાર અને વર્ગમાં અત્યંત તોફાની તરીકે જાણીતા વિદ્યાર્થીને હું બરાબર મારી સામે જ બેસાડતો. બરાબર સામે બેઠેલો હોય અને મારું ધ્યાન વારંવાર એના ઉપર જતું હોય છતાં એ જાતજાતના ચાળા કરતો. ક્યારેક પાછળ જોઈ બધા સામે જીભ કાઢતો, ક્યારેક કોઈને મુક્કી બતાવતો, પગ પહોળા, લાંબા-ઊંચા કરતો, વાળ ફેંદતો, દફતર બંધ-ઉપાડ કરતો બે-ત્રણ વાર તેને વર્ગની બહાર કાઢી મૂક્યો પણ પાંચમી મિનિટે એ પૂછ્યા-ગાછ્યા વિના વર્ગમાં હાજર થઈ જતો. એકવાર એનો હાથ પકડી મારી સાથેની ખુરશીમાં બેસાડી રાખી મેં વાર્તા કહેવાની શરૂ કરી. બે એક મિનિટ તો બેસી રહ્યો પણ પછી હાથ છોડાવવા જોર કરવા માંડ્યો અને ચોથી મિનિટે તો મારા હાથ પર બીજા હાથના નખના ઉઝરડા એવા જોરથી ભર્યા કે લોહી નીકળ્યું અને એનો હાથ છૂટી ગયો. માર કે વઢની એને બીક ન હતી પણ મારા હાથમાંથી લોહી નીકળ્યું એટલે એ ગભરાયો. એના ખિસ્સામાંથી રૂમાલ કાઢી મારા હાથ ઉપર બાંધવા માંડ્યો મેં મારો રૂમાલ કાઢી અને પલાળી આવવાની સૂચના આપી અને તેને હાથે જ એ રૂમાલ મારા હાથ ઉપર બંધાવ્યો.

પણ પછીય એનાં તોફાન ઓછાં નહોતાં થતાં એટલે મેં કલાક પછી પંદર મિનિટ માત્ર સૌએ તોફાન કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો. શરત એટલી કે કોઈએ એકબીજાને અડવાનું નહીં, કોઈએ અન્યનું કશું લેવાનું નહીં, વર્ગમાં નુકસાન થાય તેવું કશું કરવાનું નહીં પણ ભણતી વખતે વર્ગમાં કલાક શાંત રહેવાનું.

મેં જોયું કે એને તો ખરી જ પણ અપવાદ વિના બધાં બાળકોને તોફાન કરવાની મજા આવતી હતી. બૂમો-ઘાંટા પાડતાં, આળોટતાં, ગુલાંટિયાં ખાતાં ટોપી કે સ્વેટર હવામાં ઉછાળતાં, કેટલાંક તો બહાર ચોગાનમાં જઈ ઝાડની ડાળીઓ પર ટીંગાતાં કે ચડવાના પ્રયત્નો કરતાં. શાળામાં અમારા સિવાય (અને બધું બંધ કરવા રોકાયેલાં એક-બે કર્મચારીઓ સિવાય) કોઈ હોય નહીં એટલે આ ચાલતું.

પણ આવી તોફાન કરવાની ખાસ તક આપવા છતાં પેલા બાળકથી વર્ગમાં શાંત રહી શકાતું નહોતું. મૂળભૂત રીતે એ અડપલાખોર હોવાથી કંઈક ને કંઈક ચાલ્યા કરતું. એ પાંચમા ધોરણમાં અંગ્રેજી માધ્યમની શાળામાં ગયો અને અમારાથી એ દૂર થયો. મારે કબૂલવું જોઈએ કે એની સમસ્યા સમજવાની કે ઉકેલવાની નવરાશ મને ન મળી. તેની મમ્મીને બે-ત્રણ વાર મળવાનું થયું ત્યારે એમનું / કહેવાનું ય એ જ હતું, 'બહુ તોફાની છે.'

એટલે પ્રાથમિક શાળાનાં બાળકો સાથે મજા તો બહુ આવે પણ ધારીએ છીએ એટલું સરળ કામ નથી. વચ્ચે મેં મમ્મીઓને પણ વર્ગમાં હાજર રહેવા વિનંતી કરેલી કે જેથી શિસ્તના પ્રશ્નો ઓછા થાય પણ નોકરી ન કરતી મમ્મીઓથી

મોટાભાગનીને બીજું બાળક નાનું હતું. અથવા ઘરની જવાબદારીઓ ઘણી હતી. ત્રણેક મમ્મીઓ બેએક વાર આવી શકેલી અને એક મમ્મીએ પોતે શિક્ષિકા હોવા છતાં આમાંથી શીખવાનું મળે છે એમ કહી વર્ગમાં લગભગ ચાલીસેક ટકા હાજરી આપેલી પણ એમની જવાબદારી ઘણી હતી. પ્રાથમિક શાળાનાં શિક્ષિકા એ મમ્મી નિકેતાબેન વિશે મેં એક લેખ પણ કરેલો.

સી.એન. વિદ્યાવિહારના નિયામકશ્રી અને મારા મિત્ર પ્રો.તુષારભાઈ પુરાણીએ, અંગ્રેજીના અધ્યાપક અને તેમની સંસ્થામા અંગ્રેજી કેન્દ્ર ચલાવતા હોવા છતાં, મને આ પ્રયોગ કરવાની ઉત્સાહપૂર્વક અનુકૂળતા કરી આપી એટલું જ નહીં. અમારા ટીવી કાર્યક્રમમાં હાજર રહી સૌને પ્રોત્સાહિત પણ કર્યાં. સી.એન. વિદ્યાવિહારનાં શૈક્ષણિક સંયોજક શ્રીમતી તૃપ્તિબેન રાવલે પણ ઘણો રસ લીધો. સી.એન.બાલવિદ્યાલયનાં આચાર્યાશ્રી નિમિષાબેન ભટ્ટે તો આ કાર્યક્રમને પોતાનો જ માન્યો કેટલાક શનિવારે અમારે ખાતર જ શાળા છૂટ્યા પછી એ કલાક સુધી રોકાયાં. એવી જ નિષ્ઠાથી એમનાં સેવક બેન રમીલાબેને અમને મદદ કરી. વર્ગવ્યવસ્થાથી માંડી એ બંધ કરવા સુધીની બધી ચિંતા એમણે કરી. એમના ક્લાર્ક જગતાપભાઈ પણ એટલા જ નિષ્ઠાવાળા ! ઘણા શનિવાર એ અમારી સાથે રોકાયા હતા. આ સૌને હૃદયપૂર્વક આભાર.

❑

૩૪૭, સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ
ફોન નં. ૦૭૯-૨૬૭૫૨૬૭૫

## સમાજના આદર્શ દ્રષ્ટા

- ડૉ. દેવાભાઈ પ્રજાપતિ

શિક્ષકના જીવનની અને પુસ્તકના આદર્શની અવિરત સીમા છે. સમાજજીવનને બંન્ને આદર્શ દૃષ્ટિ આપનારા બંન્ને મહાદૃષ્ટા છે.શિક્ષકના આદર્શની વિચારધારા સમાજભવન ઉપર ખૂબ જ પ્રેરણાદાયી અસર થઈ જાય છે. જેની દૃષ્ટિથી અને જેના વાંચનથી સમાજને ખૂબ જ મોટી દ્રષ્ટિ સાંપડે છે. એટલા માટે શિક્ષક અને પુસ્તકને મહાચિંતકોએ દ્રષ્ટા આપીને તેની સરાહના કરી છે.

શિક્ષકના જીવનમાં સ્થાપિત થયેલા આદર્શો જ્યારે સમાજજીવન ઉપર ઊતરે છે ત્યારે સમાજને એક અનોખી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. કારણ, શિક્ષકમાં ચાર તત્ત્વો વણાયેલાં હોય છે. જ્ઞાન, ભાષા, કાર્ય અને પ્રકૃતિ. આ ચાર આદર્શની સરવાણી વહેવડાવે છે. ત્યારે તેનાથી સમાજજીવન કંઇ જુદી જ અનુભૂતિ કરે છે. શિક્ષકે જે સમાજને આપ્યું છે તે સમાજ શિક્ષકનું ઋણ અદા નહિ કરી શકે. એટલા માટે શિક્ષકને જગતની જનની કહી છે. સમાજની ગુરૂતા જેની પાંખમાં છે તે સમાજનું ઘડતર કરી શકે છે. જેનામાં વિભૂતિમંત આદર્શોનું અવતરણ થયેલ હોય તે જ સમાજ જીવનને સાચી દિશા, દૃષ્ટિ અને દોર આપી શકે. જેના જેવા જીવનને શિક્ષકના આદર્શો સ્પર્શ કરી ગયા છે. તેના જીવનમાં માનવતાની મહાનતાની મહોર લાગી ગઈ છે. વિશ્વ ઉપર દૃષ્ટિ કરીએ તો જે જે મહાન હસ્તીઓ છે. મૂળ પાયામાં શિક્ષકનો આદર્શ રોપાયેલો છે. શિક્ષક એ પાયો છે. જેનામાં વિશ્વને બદલવાની શક્તિ છુપાયેલ છે. શિક્ષકનું જીવન ઘસાય છે પણ સમાજજીવનને સમૃદ્ધ કરી જાય છે. ગાંધીજીના જીવનમાં મહાનતા પ્રાપ્ત કરાવવાનો યશ શિક્ષકના ફાળે જાય છે. પોતાના જીવનમાં આદર્શોને વણી લીધા એ જ અને જેને શિક્ષકની કેડીએ-કેડીએ રાહ પકડ્યો તેનું જીવન આદર્શમય બની ગયું છે. જે દ્રષ્ટા હોય એજ બીજાને દૃષ્ટિ આપી શકે છે. માનવજીવનને બે માધ્યમો જ પરિવર્તન કરી શકે છે. અને તે શિક્ષક અને પુસ્તક આદર્શોની ખરી ઓળખ એ જ છે ! જે બીજાના જીવનને પ્રકાશિત કરે. પારસમણિ લોખંડને જેમ સોનામાં પરિવર્તિત કરી નાખે એમ એક આદર્શ શિક્ષકના આદર્શ, વિચારધારા સમાજના કેટલાય માનવીને આદર્શ જીવન ભણી દોરી જાય છે.

અહીંયાં બે મહાનતાનો સમન્વય સધાયો છે. શિક્ષણની આદર્શતાની સાથે સાથે પુસ્તકની મહત્તા પણ એટલી જ અનિવાર્યતા બક્ષે છે જેને-જેને પુસ્તકોને સ્પર્શ્યા તેને કંઈક આગવી જ દિશા સાંપડી છે. આપણા ચિંતકોએ

ખૂબ જ વિચારોના મંથન પછી સમાજની સામે એ પ્રસિદ્ધ કર્યું છે કે જેને સજ્જન માણસ કે મિત્ર ન મળે એને સારા, પુસ્તકોને મિત્ર બનાવી લેવા. સારાં પુસ્તકો જ માનવજીવનને સાચો રાહ ચીંધે છે. માનવજીવનના સિદ્ધાંતોનું ઘડતર પુસ્તકોમાં જ પ્રસ્થાપિત થયેલુ છે. માણસ અર્થાત્ સમાજે કેવા જીવનનું નિર્માણ કર્યું એ આ પુસ્તકોનું વાંચન દર્શાવિલ છે. જેના જીવનમાં પુસ્તકોનું વાંચન થતું હશે તેના જીવનનું પ્રત્યેક પાસું વૈચારિક દ્રષ્ટિથી સભર હશે. કારણ કે સારાં પુસ્તકોમાં આપણી ભારતીય સંસ્કૃતિના ચિંતકોએ સમાજ જીવનના આદર્શનું ઘડતર અને ચિંતન કરેલું છે. જેના અભ્યાસ દ્વારા સમાજજીવનને એ પ્રાપ્ત થાય છે.

મહાન માણસોના જીવનની મહાનતાનો આધાર શિક્ષક અને પુસ્તકના એમ બે કિનારા ઉપર રહેલો છે. શિક્ષક અને પુસ્તક એ બે કિનારા છે અને તેમની આદર્શતા એ તેના પવિત્ર પ્રવાહ છે. જેને જેને આ બે કિનારા ઉપર ચાલીને આ પ્રવાહિતાને સ્પર્શી છે, તેનું જીવન મહાનતાને શિખરે ઊભું છે. સમાજ શિક્ષક પાસે ઉમદા આકાંક્ષાઓ અને અપેક્ષાઓ રાખે છે. વિશ્વાસની જો ધરોહર હોય તો તે સમાજ માટે શિક્ષક છે અને બીજી સારાં પુસ્તકો છે. સાહિત્ય સર્જકોને સર્જનતાની કેડી સારાં પુસ્તકોમાંથી પ્રાપ્ત થઈ છે. સર્જન કરનારો વિદાય લે છે પણ તેણે સર્જન કરેલાં સારાં પુસ્તકો સમાજને આદર્શોની પૂર્તતા કરે છે. સમાજ જીવનને દૃષ્ટિની જરૂર છે. પગ બધાને હોય છે પણ દૃષ્ટિ ઓછા માણસોને હોય છે. દિશા અને દૃષ્ટિનો સાક્ષાત્કાર શિક્ષક અને પુસ્તક કરાવી શકે છે. ગાંધીજીના જીવનમાં સત્ય અને અહિંસાના આદર્શો તેમજ પોતાના જીવનમાં મહાનતાના શિખર સુધી પહોંચાડનાર આ બે માધ્યમો જ રહ્યાં છે. સમાજની એક વ્યક્તિ આખા વિશ્વને પોતાના જીવનની અદ્ભુત ઓળખ આપી શકે છે. તેના મૂળમાં શિક્ષક અને પુસ્તક જ આધારરૂપ પુરવાર થાય છે. શિક્ષકના આદર્શો અને સારાં પુસ્તકો હંમેશાં શાશ્વત રહે છે. વ્યક્તિ નાશ પામે છે. પણ તેણે કંડારેલા આદર્શો કોઈ દિવસ નાશ નથી પામતા. આદર્શ બીજાને આદર્શ બનાવી શકે છે. જેને શિક્ષકો અને પુસ્તકોએ દૃષ્ટિ આપી છે. તેને જીવનની એક અદ્ભુત વિચારધારાને પ્રાપ્ત કરી લીધી છે.

સમાજ શિક્ષકના હાથમાં પોતાના બાળકનો હાથ સોંપી દે છે. રામાયણમાં વાલીએ જેમ અંગદનો હાથ ભગવાન રામના હાથમાં સોંપી દીધો હતો તેમ સમાજ શિક્ષકના આદર્શ ઉપર સંપૂર્ણ ભરોસો રાખીને પોતાના બાળકને ઊંચી અપેક્ષાએ સોંપી દે છે. શિક્ષક સમાજનો વિશ્વાસ સંપાદન કરે છે. પોતાની આદર્શતાને અજવાળે છે. એટલે સમાજ જીવન તેનાથી પ્રકાશિત થાય છે. પોતાની આગવી પ્રતિભાથી સમાજમાં આદર્શસ્થિતિનું નિર્માણ કરી શકે છે. એ શિક્ષક જ આવકાર્ય છે.

સમાજની પાસે જો કંઈ પણ બચાવી લેવા જેવું રહ્યું હોય તો તે શિક્ષકનો વિશ્વાસ અને તેનો આદર્શ.

સાગરના તળિયાને માપી ન શકાય તેમ શિક્ષકની અદ્ભુત શક્તિને કોઈ દિવસ માપી ન શકાય. સમાજ જીવન શિક્ષકના જીવનમાંથી જેમ સાગરમાંથી મોતી પ્રાપ્ત થઈ શકે તેમ આ વિભૂતવંત શિક્ષકના જીવનમાંથી એક દિશા અને દ્રષ્ટિ પ્રાપ્ત થઈ શકે. પુસ્તકોમાં માનવજીવનના સિદ્ધાંતોનું ઘડતર અને મૂલ્યોનું ઘડતર વણાયેલું છે તેમ જે જ્ઞાન, ભાષા, કર્મ અને પ્રકૃતિની છત્રછાયામાં સંપન્ન છે તે શિક્ષકના જીવનમાંથી આદર્શને આપણા સમાજને પ્રાપ્ત કરી લઈ એક આગવા રાહને ઉજાળવો ઘટે.

આજે વિજ્ઞાન ઊંચા વિકાસ શિખરને આંબી રહ્યું છે તે વિજ્ઞાનની શોધની એરણ ઉપર બેસીને સમાજજીવન આજે વિશ્વની અનોખી સગવડો ભોગવી રહ્યું છે તે શોધ કરનારા વૈજ્ઞાનિકોને દૃષ્ટિ આપનાર કોણ છે? અને આ પ્રશ્નો જવાબ માત્ર એક-શિક્ષકોએજ જેના જીવનમાં અંગુલીનિર્દેશ કર્યો અને ચિંતકોના પુસ્તકોનો અભ્યાસ-આ બંન્ને પ્રબળ પાસાં આપણા મહાન વૈજ્ઞાનિકોના જીવનમાં આદર્શ ઘડીને વિશ્વને અનેક શોધોની ભેટ આપી છે. જેને પરિણામે વિશ્વનો સમાજ અનેક સગવડોની છાયામાં સુખસંપન્ન છે.

સમાજને દૃષ્ટિની જરૂર છે. દિશાની પણ એટલી જ જરૂર છે. દિશા અને દૃષ્ટિ બંને જો મળી જાય તો કઠિન રસ્તાઓ પણ સમાજને માટે સરળ બની જાય છે. દ્રષ્ટા હોય

એ જ દિશા આપી શકે. પછી દિશાનો એની મેળે માર્ગ કરી લે છે. પણ આ બંનેનાં અર્પિત માધ્યમો છે. શિક્ષક અને પુસ્તક, વૃક્ષો પોતે અસહ્ય તાપ સહન કરીને બીજાને શાતા આપે છે પુષ્પો કરમાઈને બીજાને સુગંધ આપે છે. ધૂપસળી જાતે બળી બીજાને સુગંધ આપે છે. પોતાના દેહને મેઘ વરસીને ધરાને તૃપ્ત કરે છે. જેમ શિક્ષક અને પુસ્તક પોતાના સિદ્ધાંતો અને આદર્શોથી સમાજ માટે અર્પિત કરીને સમાજને શાતા આપે છે. અને એ દ્રષ્ટા જ કરી શકે જેના પોતાના જીવનને દ્રષ્ટા જીવન પ્રાપ્ત થયું છે.

શિક્ષકની એક પ્રેરણા કોઈના જીવનને કઈ સમૃદ્ધિની ખાણ ખોલી આપે છે. જેને જીવનભર પોતાનામાં ધરબાયેલી આદર્શ પ્રતીતિને બીજા માટે અર્પિત કરવાનો આદર્શ સંપન્ન કર્યો છે. તત્ત્વચિંતકોના આદર્શો પુસ્તકોમાં પ્રસ્થાપિત થાય છે. જ્યારે કોઈ એને વાંચીને પોતાના જીવનમાં વણી લે છે. ત્યારે તે વિચારો કેટલા સમૃદ્ધ બનાવે છે. પુસ્તકમાં એક સારો વિચાર અને શિક્ષકની એક પ્રેરણા સમાજ જીવનનાં આદર્શોને ઉજાળી આપે છે. કારણ કે, બન્ને વિચાર અને પ્રેરણાના દ્રષ્ટા છે.

વ્યક્તિના જીવનમાં કંઈક સારી બાબત ઊગી નીકળે ત્યારે તરત જ તે પોતાના શિક્ષા દ્રષ્ટાને યાદ કરે છે. અને તરત જ જે શિક્ષકે કંઈ રોપણ કર્યું હોય તેને ઉભારાવે છે. અને કંઈ આધારિત કાર્ય કરતાં જો વ્યક્તિ અટકી જાય તો તરત જ તેને કોઈ સારા પુસ્તકમાંથી યાદ રાખેલા કોઈ સર્જનાત્મક ઉદ્દેશ્ય વાક્યનો ભારોભાર ઉપકાર માનીને તેને સતત વાગોળ્યા કરે છે. અર્થાત બીજાની પાસે તેની પ્રતીતિ કરે છે કે એક પુસ્તકના વાંચનથી હું આ માર્ગથી બચી ગયો. આ છે જીવનના બંન્ને દ્રષ્ટાનું પ્રદાન જે જીવનની પ્રત્યેક ક્ષણને અજબ આકાર આપે છે.

સમાજ જીવનને આદર્શ દ્વારા બંનેની આવશ્યકતા પુસ્તક એ વિચારનો દાતા છે અને બંનેના સમન્વયથી સમાજને એક મૂલ્યવાન દ્રષ્ટાની પ્રાપ્તિ થાય છે એટલે જ કહ્યું છે કે શિક્ષક અને પુસ્તક બંને સમાજના આદર્શ દ્રષ્ટા છે.

❑

**સરકારપુરા પ્રાથમિક શાળા**
**તા. રાધનપુર, જિ પાટણ**

## હસ્તાક્ષર સુધારણા : અભ્યાસક્રમ આધારિત અભિગમ

- ડૉ. અક્ષય સાગર મહેતા

**"ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે" - મહાત્મા ગાંધી**

હસ્તાક્ષર લેખિત અભિવ્યક્તિ માટેનું મુખ્ય ઉપકરણ છે. હસ્તાક્ષર હંમેશાં સુવાચ્ય હોય તે અપેક્ષિત છે પરંતુ અત્યારે શિક્ષણના દરેક સ્તરે વિદ્યાર્થીઓ જોઈએ તેવા સુવાચ્ય અક્ષરે લેખનકાર્ય કરી શકતા નથી. પરિણામે તેઓને જે કાંઈ અભિવ્યક્ત કરવું હોય તેને યોગ્ય ન્યાય આપી શકતા નથી. અન્યને માટે સુવાચ્ય ન બને એ તો ખરું જ ! પરંતુ ખુદ પોતાને માટે પણ તે અવાચ્ય બની જવાની પરિસ્થિતિ પેદા થાય છે. પ્રાથમિક કક્ષાનાં બાળકોને હસ્તાક્ષરનું શિક્ષણ આપવું અને અક્ષરો પ્રત્યે યોગ્ય વલણનું ઘડતર કરવું તે શિક્ષકોની જવાબદારી ગણાય છે ત્યારે બાળકના શાળા જીવનની શરૂઆતથી જ બાળકના અક્ષરો પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં આવે તો તેના અક્ષરો બગડતા નથી. ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવનના પૂર્વ રીડર ડૉ. જે. ડી. ભાલની પ્રેરણા અને માર્ગદર્શનથી મેં અમારા પી.ટી.સી.ના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાથમિક શાળાઓમાં ઈન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન હસ્તાક્ષર સુધારણા માટેનો 'સામાહિક કાર્યક્રમ' અમલમાં મૂકેલ. આ કાર્યક્રમ બાળકોના હસ્તાક્ષર સુધારવામાં ખૂબ જ સફળ અને અસરકારક રહ્યો હતો. તો આ પ્રયોગ આપ સૌ આપની શાળામાં પણ કરી શકો એ બાબતને ધ્યાનમાં રાખીને તેની રજૂઆત આપ સૌ સમક્ષ અહીં કરું છું.

સૌ પ્રથમ સારા હસ્તાક્ષરનાં લક્ષણો વિશે જાણી લઈએ.

**સારા હસ્તાક્ષરનાં લક્ષણો :**

સારા હસ્તાક્ષરનાં લક્ષણો નીચે મુજબ છે.

(૧) પ્રત્યેક અક્ષરનું કદ સમાન હોવુ જોઈએ.

(૨) અક્ષરો મરોડદાર અને માન્ય વળાંકવાળા હોવા જોઈએ.

(૩) લખાણ સીધી લીટીમાં લખાયેલું હોવું જોઈએ.

(૪) શબ્દ-શબ્દ વચ્ચે યોગ્ય અંતર હોવું જોઈએ.

(૫) અક્ષરો-વચ્ચે અંતરનો અભાવ હોવો જોઈએ.

(૬) અનુગો શબ્દની સાથે લખેલા હોવા જોઈએ.

ઉપર મુજબના લખાણનો 'આદર્શ' રાખી સુધારણાનો કાર્યક્રમ અમલમાં મૂકવો જોઈએ. આદર્શ હસ્તાક્ષરોના ચાર્ટ તૈયાર કરાવી વર્ગમાં દીવાલ પર લટકાવી રાખવાથી બાળકોને સતત માર્ગદર્શન મળતું રહેશે.

**હસ્તાક્ષર સુધારણા માટેનો સામાહિક કાર્યક્રમ**

હસ્તાક્ષર સુધારણા માટેનો આ કાર્યક્રમ રોજિંદા શિક્ષણ કાર્યક્રમના ભાગરૂપે દરરોજ ૧૫ થી ૩૦ મિનિટ માટે વણી લેવામાં આવે તો આડકતરી રીતે બાળકોના હસ્તાક્ષરમાં સુધારો થતો જશે. આ કાર્યક્રમ દરમિયાન શિક્ષક બાળકોને તેમના હસ્તાક્ષરોની ખામી-ખૂબી વિશે વાત કરી પ્રોત્સાહિત કરશે. આ કાર્યક્રમ લગભગ બે થી ત્રણ માસ કરવો. આથી મોટા ભાગનાં બાળકો સારા અક્ષરો માટે ટેવાઈ જશે.

**સોમવાર :** અનુલેખન કાર્યક્રમ : શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકના કોઈપણ એક પાઠમાંથી જોઈ જોઈને મહાવરા પોથીમાં લખવા કહેશે.

**મંગળવાર :** શ્રુતલેખન કાર્યક્રમ : શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાંથી કોઈ એક પાઠનો નાનકડો ફકરો ધ્યાનથી વાંચી જવા કહેશે. ત્યાર પછી તેઓ તે ફકરાનું મહાવરાપોથીમાં શ્રુતલેખન કરાવશે.

**બુધવાર:** નિદર્શન કાર્યક્રમ : અનુલેખન અને શ્રુત લેખનમાં જોવા મળેલ ખામીઓને આધારે શિક્ષક અક્ષરોના વળાંક અંગે રંગીન ચોકનો ઉપયોગ કરીને ચોકબોર્ડમાં લખી બતાવશે. અલગ અલગ બાળકોને કઠિન જણાતા વળાંકો લખવા પાટિયા પાસે બોલાવશે. જે વિદ્યાર્થીઓ ભૂલો કરતા હશે તેમને સુધરાવશે. આદર્શ હસ્તાક્ષરોનો ચાર્ટ વર્ગમાં સતત ટાંગી રખાય તો સારું

**ગુરુવાર:** સ્વતંત્રલેખન કાર્યક્રમ : સ્વતંત્ર લેખનની ભૂમિકારૂપે શિક્ષક કોઈ એકાદ વિષય પર ચર્ચા ગોઠવશે. બાળકો સાથે વાતો કરશે અને તેના આધારે શિક્ષક બાળકોને તેની મહાવરાપોથીમાં લેખન કરવા કહેશે.

દા.ત. તહેવાર

દિવાળી.

**શુક્રવાર :** પ્રશ્નલેખન સ્વાધ્યાય : શિક્ષક ગુજરાતી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરે વિષયોમાંથી વારાફરતી એકેક પ્રશ્ન વર્ગમાં પાટિયા પર લખશે. પ્રશ્નનો જવાબ સરસ રીતે કેમ લખાય તે જણાવશે. ત્યારબાદ શિક્ષક દરેકને મહાવરાપોથીમાં લખવાનું કહેશે.

**શનિવાર :** સુલેખનસ્પર્ધા : શિક્ષક બાળકોને પાઠ્ય - પુસ્તકમાંથી એક ફકરો સુંદર અક્ષરે લખવા આપશે તેની સાથે જણાવશે કે, આજે સુંદર હસ્તાક્ષરની વર્ગ હરીફાઈ છે. ટૂંકમાં, બાળકોને ઉમંગ ચડે, પ્રોત્સાહન મળે તેવી રીતે શિક્ષક દર અઠવાડિયે આવી નાનકડી હરીફાઈ રાખશે. જેઓના અક્ષર સુંદર હશે તેવા દસ વિદ્યાર્થીઓનાં નામ પ્રાર્થનાસભામાં જાહેર કરવામાં આવશે. તેમજ પ્રથમ દસ આવેલા બાળકોના હસ્તાક્ષરનું પ્રદર્શન બુલેટિન બોર્ડ પર મુકાશે જેથી અન્ય બાળકો સુંદર હસ્તાક્ષરે લખવા પ્રેરાશે.

અહીં રજૂ કરવામાં આવેલ હસ્તાક્ષર સુધારણા માટેનો સામાહિક કાર્યક્રમ જડ નથી. દરેક શિક્ષક પોતાની રીતે ઉપરોક્ત કાર્યક્રમમાં યોગ્ય લાગે ત્યાં જરૂરી ફેરફાર કરી સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે અમલમાં મૂકી શકે. જેમ શિક્ષક ચીવટપૂર્વક ધ્યાન રાખશે, બાળકોને પોતાના હસ્તાક્ષરો પ્રત્યે સભાન કરશે અને વધુ મહાવરો આપશે તેમ તેમ બાળકોના હસ્તાક્ષરો ચોક્કસ સુધરશે, ધીરજ ગુમાવ્યા સિવાય પ્રયત્ન કરવાની જરૂર છે.

❑

**વ્યાખ્યાતા**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સીદસર (ભાવનગર)**

# વેદના - સંવેદના

- ડૉ. વર્ષાબહેન પટેલ

શિક્ષક-બાળકને હોંશે હોંશે શાળાએ આવવાનું મન કેમ ન થાય ? એવો સવાલ ઊભો થવાનો કોઈ પ્રશ્ન જ નથી. દરેક શિક્ષક પોતાનો જીવ રેડીને શાળાના કણેકણમાં ભળી જતો હોય ત્યારે એ શાળા સ્વર્ગથીયે સુંદર બની જતી હોય છે. શિક્ષક માટે દિવસભરનો નક્કી કરેલો ગજ ટૂંકો પડવા લાગે છે. શાળામાં પગ મૂકતાં જ કંઈક નવી જ ચેતનાનો સંચાર થતો હોય તેમ અનુભવાય છે.

M.phil અને UGC NET પાસનું એજ્યુકેશન પૂરું કર્યું ત્યાં પી.ટી.સી.ના બેઝ પર પ્રાથમિક શિક્ષણની સેવામાં જોડાવાનો મોકો મળ્યો. સપનાં તો હતાં લેક્ચરર બનવાનાં. દરમિયાનમાં સાંસારિક જવાબદારીઓ ઉપાડવાની થઈ. માતા બનવાની સાથે Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરી. એ અરસામાં મારી બદલી રેલવેલાઈનના એક નાનકડા ગામમાં થઈ. આ ગામમાં આવી ત્યારે શાળા ૧ થી ૪ ની ; શિક્ષકો બે ને ઓરડા પણ બે. ગામના માણસો અને ગામનું વાતાવરણ જોયું. ગામ તથા શાળાના ઘણા ચઢાવ - ઉતાર જોયા. મારા સાથીમિત્રને એમ હતું કે બસ હવે તો આપણે થોડા સમયમાં નીકળી જવાના ! પણ મારે તો હજુ ઘણું કાઢવાનું હતું. એટલે સતત ચિંતા થયા કરતી. ટૂંક સમયમાં સાથીમિત્ર નિવૃત્ત થયા. એટલે એક વર્ષ સુધી એકલા હાથે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી શાળા ચલાવી. નવી ભરતી થઈ પણ મારી શાળામાં કોઈ શિક્ષક ન આવ્યા. બદલી કેમ્પો થયા મને થયું કે મારી શાળામાં જરૂર કોઈ હાજર થશે ને મારો કાર્યબોજ હળવો થશે. એ આશા પણ ઠગારી નીવડી. પણ કહેવાયું છે ને કે ભગવાન કે ઘર દેર હૈ પર અંધેર નહિ. મારી શાળામાં એક નવાં બહેન હાજર થયાં વિચારોના મનમેળ સધાયા ને પછી તો બસ પૂછવું જ શું ? આચાર્યબેન તરીકેનો કાર્યભાર તેઓ સંભાળતાં રહ્યાં ને બાકી બીજું મે સંભાળી લીધું. ઉન્નતિ અથાગ પ્રયત્નને અંતે કદમો ચૂમતી આવે છે. અમારી શાળામાં અમે કરેલા પ્રયત્નો વિશે જાણીએ.

## (૧) પ્રાર્થના સંમેલનમાં વિવિધતા

એકધારાપણું દરેકને કંટાળો ઉપજાવતું હોય છે. એમ એકધારી પ્રાર્થના ઔપચારિકતા ન બની જાય તે માટે અમે વિવિધતા લાવવા નવતર પ્રયોગ કર્યો. ધોરણ ૧ થી ૫ ની શાળા અઠવાડિયાના છ દિવસ એક દિવસ શિક્ષકે અને બાકીના પાંચ દિવસ ધોરણ પ્રમાણે બાળકોને 'મારે કંઈક કહેવું છે, એ અંતર્ગત જોડકણાં, ઉખાણાં, વાર્તા, કવિતા જે કંઈ પણ કહેવું હોય તે ઊભા થઈને કહેવું. આમ, કરવાથી શિક્ષક અને બાળકો સજ્જ થઈને આવતાં પ્રાર્થનાનું વાતાવરણ જીવંત બનવું બાળકોનો ક્ષોભ દૂર થતો. વિચાર-શક્તિ ખીલતી અન્ય બાળકોને પ્રોત્સાહન મળતું કે મારો વારો ક્યારે આવશે. સંગીતનાં સાધનો અને માઈકનો ઉપયોગ અચૂક થતો.

## (૨) બાળકોની હાજરીની નિયમિતતા :

શાળાનાં બાળકોની અનિયમિતતા જોતાં એમ જણાયું કે ૫૦% બાળકો સીમ વિસ્તારના આવે છે. જેમાંના કેટલાકને રેલવેના પાટા ક્રોસ કરીને આવવું પડતું હોય છે. એટલે વાલીઓ શાળાએ મોકલતાં ગભરાયા. રેલવે ક્રોસ કરતા અમારા બાળકને કંઈ થઈ જાય તો ? વળી મોટાભાગના વાલીઓ મજૂરીએ જતા રહેતા. હવે રસ્તો કેમ કાઢવો ? એકાએક સૂઝ્યું કે જે બહેન અમદાવાદથી રેલવેમાં અપડાઉન કરે છે તે બહેને એક કામ કર્યું. બહેન જે ટ્રેનમાં આવતાં તે તેમને વહેલી ઉતારે એટલે તેઓ સીધાં સીમમાં જતાં, વાલીને મળતાં અને પોતાની સાથે તેમના બાળકને મોકલવા કહેતાં. પછી તો ખબર પડી કે ગાડી જાય એટલે બેન આવતાં હશે ને બધાં બાળકો તૈયાર થઈ જતાં. બેન બાળકોને હોંકારો દઈ સાથે લઈને નીકળતાં એટલે વાલીઓ

ચિંતા મુક્ત બની ગયા. બેન આવે ને તૈયાર થયેલાં બાળકો હરખાતાં દફતર ખભે ભેરવીને બેન સાથે તૈયાર.

(૩) મૂલ્યશિક્ષણ :

આજના ટેકનિકલ યુગમાં મૂલ્યો જરૂરી છે ત્યારે શાળામાં મૂલ્યશિક્ષણ ઘણું ઉપયોગી બને છે.મારી શાળાનાં બાળકોને દર શુક્રવારે ચાર વાગે ભેગા બેસાડતાં એમાં અઠવાડિયામાં બનેલા પ્રસંગો દ્વારા મૂલ્યનું શિક્ષણ આપતા. દા.ત. કંપાસ કે અન્ય કોઈ વસ્તુ ચોરાઈ ગઈ હોય ને પરત મળે ત્યાં પસ્તાવાનું મૂલ્ય, એકબીજા મિત્રોને મદદ કરવામાં ભાઈચારાનું મૂલ્ય, વાગી કે પડી જવાથી ઈજા થઈ હોય તો સંવેદનાનું મૂલ્ય, જે બાળકના નખ વધી ગયા હોય તે તેના નખ કાપી આપવામાં આવે ત્યાં સ્વચ્છતાનું મૂલ્ય, શાળાનો કોઈપણ બાળક ચંપલ વિના આવે શિક્ષક પોતાના સ્વખર્ચે લાવી આપતાં ત્યાં પ્રેમભાવના - લાગણીનું મૂલ્ય પ્રગટ થાય છે.

(૪) ઔષધબાગ :

શાળામાં ઔષધબાગમાં તુલસી, ડમરો, અરડૂસી, ગળો, કુંવારપાઠું, કેસૂડો મળે છે. ફૂલનો છોડ હોય કે ઔષધનો છોડ દરેક બાળક દત્તક લઈ તેની સાર-સંભાળ રાખે છે. નિયમિત પાણી સિંચન કરે છે.

(૫) કીચન ગાર્ડન :

સમગ્ર ગામ ખેતી પર નિર્ભર. બાળકોને કહેવામાં આવ્યું કે કોઈપણ શાકભાજી કે અન્ય બીજા કોઈ બી હોય તો લઈ આવવાના. બીજે દિવસે ગવાર, તુવેર, ગલકું, દૂધી વાલોળનાં બી આવી ગયાં, રોપાયાં, માવજત થઈ ને માંડવા બનાવી વેલા ચઢાવતા મધ્યાહન ભોજનમાં એ શાક બાળકો આરોગતાં થયાં.

(૬) સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :

શાળામાં અભ્યાસની સાથે સાથે અમે કેટલીક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરતા. ઈતરવાંચન, રમતોત્સવ, રક્ષાબંધનની ઉજવણી, નવરાત્રિમાં એક દિવસ ગરબા પ્રોગ્રામ, ગૌરીવ્રતમાં મહેંદી હરીફાઈ યોજતાં. અરે ! આટલાં બધાં વર્ષોમાં પહેલીવાર ૨૬મી જાન્યુઆરીએ ભવ્ય સાંસ્કૃતિક પ્રોગ્રામ ઉજવાયો કે ગામના લોકો તો મોંમાં આંગળાં નાખતા જ રહી ગયા. આખું ગામ કાર્યક્રમ નિહાળવા ઉમટી પડેલું. સૌના હૈયામાં હરખ સમાતો નહોતો કોઈ શિવાજી, કોઈ ભારતમાતા, કોઈ ગાંધીજી, કોઈ લક્ષ્મીબાઈ તો વળી કોઈ રાધાકૃષ્ણ, રાસ, વંદે માતરમ્, માંડવી સાથેનો ગરબો, રાજસ્થાની નૃત્ય એક્શન ગીત, શૌર્યગીત આ બધાને વાલીઓએ પોતાના મોબાઈલના કેમેરામાં કેદ કરી લીધા હતા.

(૭) લોકસહયોગ :

૨૬મી જાન્યુઆરીનો પ્રોગ્રામ જોયા બાદ વાલીઓને પણ એમ થયું કે જો શાળાના શિક્ષકો આટલી મહેનત કરતા હોય તો અમે શું કામ ન કરીએ ? SMC કે વાલી મિટિંગ હોય ત્યારે વાલીઓ સામેથી પૂછે કે શાળાને શાની જરૂર છે ? મેદાનમાં પૂરાણ કરવા માટે ગામના જે માણસો પાસે ટ્રેક્ટર હતા તેઓ સ્વયં પાંચ-પાંચ ટ્રોલી નદીનો રેત પથરાવી દીધો. ગામ અને શાળા સાથે એટલા સુમેળભર્યા અને હુંફાળા સંબંધો છે કે શાળામાં કોઈપણ કામ માટે જરૂર પડે તો હાજર થઈ જતા. એ પછી બાગનું કામ હોય કે રૂમની લાઈટનું સમયે-સમયે અવશ્ય થઈ જતું.

આમ, એક દશકાને અંતે શાળાનું પર્યાવરણ જ નહિ શાળાનો સમગ્ર નકશો જ બદલાઈ ગયો. ગામ કે પે. સેન્ટરમાં જ નહિ આખા નડીઆદ તાલુકામાં અમારી શાળાની ફોરમ પ્રસરી ગઈ. રંગરોગાન કરેલા નવા ઓરડા, શ્રેષ્ઠ SMC, પ્રત્યેક બાળકને શિષ્યવૃત્તિ, ઉત્સાહી અને તરવરાટ જેનામાં જોવા મળતો તેવા શિક્ષકો, ગમે તેટલો વરસાદ પડે પણ કીચડ ન થાય તેવું મેદાન ! આ તો વાત થઈ બધી વર્ગખંડના બહારની સાથે સાથે અમે વર્ગખંડને પણ આવો ધબકતો રાખવાના સતત પ્રયત્નો કરતા રહીએ છીએ.

લેક્ચરર બનવાનું જે સપનું GPSC પાસ કરી પૂરું થવાનું હતું તેના કરતાં મારી આ શાળાનું સુંદર જીવતું જાગતું સપનું આંખોને ઠંડક આપે ને હૃદયને ટાઢક આપે એ સપનું શું ખોટું ? છેવટે મેં મનોમન નક્કી કરી લીધું કે મારી શેષ સેવા આ ગામ-શાળામાં જ અર્પણ કરીશ અને દિન-પ્રતિદિન ગામ, શાળા, સમાજને ઉન્નતિના પંથે વાળીશ તો જ મારું જીવન ધન્ય અને સફળ થયું ગણાશે.

મારી લેક્ચરર બનવાની વેદના બાળકને કેળવવાની ધમધમતી પ્રવૃત્તિઓ અને મધમધતું શાળા પર્યાવરણ આજે મારી સંવેદના બની ગઈ!!

અંતમાં એટલું જ કહીશ કે,

"ન ધરા સુધી ન ગગન સુધી
મારે તો બસ જાવું છે બાળકોનાં મન સુધી."

❑

**અંધજની મુવાડી પ્રાથમિક શાળા**
**તા. નડિયાદ, જિ. ખેડા**

# કેળવણી : શ્રી માતાજી

## પુસ્તક પરિચય

- છગનભાઈ ટુંડીયા

'કેળવણી પુસ્તક' શ્રી અરવિન્દ આશ્રમ પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ, પોંડિચેરી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. ISBN 81-7058-98-1 Rs. 40.00 તેની કિંમત છે. 'કેળવણી' પુસ્તિકાની પાંચ આવૃત્તિ પ્રગટ થઈ ગયેલ છે. શ્રી માતાજીના શતાબ્દીના 'કલેક્ટેડ વર્ક્સ-ગ્રંથ ૧૨, "ઓન એજ્યુકેશન" ના પ્રથમ ભાગના બધા લેખોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે. શ્રી માતાજીએ આ બધા લેખ આશ્રમ તરફથી પ્રસિદ્ધ થતા દ્વિભાષી - ફ્રેંચ અને અંગ્રેજી ત્રૈમાસિક 'બુલેટિન ઓવ ફિઝિકલ એજ્યુકેશન' (શારીરિક શિક્ષણ પત્રિકા) માટે લખ્યા હતા. જે લેખો પ્રગટ થતા ગયા તેમ એમનો અનુવાદ સુન્દરમ્ પોતાના તંત્રીપદ હેઠળ બહાર પડતા આશ્રમના ગુજરાતી ત્રૈમાસિક 'દક્ષિણા' માં આપતા હતા. પોતાની અને બીજાની કેળવણીમાં રસ ધરાવનાર નાનાં અને મોટાં સૌને માટે આ પુસ્તક એક માર્ગદર્શી નિત્યસાથી બની શકે તેમ છે.

શ્રી માતાજી દ્વારા લખવામાં આવેલ લેખો અંગે લખે છે કે, "હું યોગની પરિભાષાને સરળ શબ્દોમાં રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. કારણ કે આ 'બુલેટિન' (પત્રિકાઓ) સામાન્ય જીવન ગાળતા હોવા છતાં યોગના અભ્યાસીઓ પણ હોય એવા લોકોને માટે છે એટલે કે, જે લોકો મુખ્યતઃ કેવળ શારીરિક અને ભૌતિક જીવનમાં રસ ધરાવતા હોવા છતાં, સામાન્ય પરિસ્થિતિમાં પણ ભૌતિક જીવનમાં વધુ પૂર્ણતા પ્રાપ્ત કરવા ચાહતા હોય એવા લોકો માટે છે. એમ કરવું એ ઘણું મુશ્કેલ કાર્ય છે, છતાં એ પણ એક જાતનો યોગ જ છે. આવા લોકો પોતાને 'ભૌતિકવાદી' કહેવડાવે છે. અને એમની સાથે જો યોગની પરિભાષા વાપરવામાં આવે તો એમને અકળામણ આવે કે ચીડ ચડે. એટલે આપણે તેમની સાથે એમની ભાષા વાપરવી જોઈએ અને એવા શબ્દો વાપરવા જોઈએ કે જેથી તેમને આંચકો ન લાગે. પરંતુ મારા જીવન દરમિયાન, મેં એવા લોકોને પણ જોયેલા છે જેઓ પોતાને 'ભૌતિકવાદી' કહેવડાવતા હોવા છતાં, એવી શિસ્તનું પાલન કરતા કે જે યોગ કરતા હોવાનો દાવો કરનાર કેટલાક લોકોમાં પણ જોવામાં આવતી નહિ. અમારી ઈચ્છા એ છે કે માનવજાતિએ પ્રગતિ કરવી જોઈએ; એમાં પછી કોઈ યોગીનું જીવન જીવવાનો દાવો કરે કે નહિ તેની કશી અગત્ય નથી, પ્રગતિ માટે તે જરૂરી પ્રયત્ન કરતા હોય એ પૂરતું છે.

પ્રસ્તુત પુસ્તકના અનુક્રમમાં કેળવણી, આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર, ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ, વિદ્યાર્થીઓને - નાના તથા મોટા, ભાવિદર્શન, સર્વાંગ રૂપાંતર, મૃત્યુનો ભય અને તેને જીતવાની ચાર પદ્ધતિઓ, એક સ્વપ્ન, માનવજાતિને મદદ અને સ્ત્રીનો પ્રશ્ન અંગેનાં પ્રકરણ મૂકવામાં આવેલ છે.

જીવનનું શાસ્ત્ર પ્રકરણમાં માતાજી લખે છે કે, ધ્યેય વિનાનું જીવન હંમેશાં દુઃખી હોય છે. તમારે સૌ કોઈને જીવનનું ધ્યેય હોવું જોઈએ. પરંતુ એ ન ભૂલશો કે તમારું ધ્યેય જે પ્રકારનું હશે તે પ્રમાણે જ તમારા જીવનનું સ્વરૂપ બંધાશે. તમારું ધ્યેય ઉચ્ચ અને વિશાળ રાખો, ઉદાર અને આસક્તિ વિનાનું રાખો. એમ કરશો તો તમારું જીવન તમારે પોતાને માટે તેમજ અન્ય સર્વેને માટે એક ઘણી કીમતી વસ્તુ બની રહેશે. પરંતુ તમારો આદર્શ ભલે ગમે તે હો, પણ જ્યાં સુધી તમે તમારી પોતાની અંદર પૂર્ણતા પ્રાપ્ત નહીં કરી હોય ત્યાં સુધી એ આદર્શનો તમે પૂર્ણ રીતે સાક્ષાત્કાર નહિ કરી શકો. મનુષ્યની પ્રવૃત્તિઓ મુખ્યત્વે પાંચ પ્રકારની રહેલી છે, અને એ હરેક પ્રવૃત્તિને અંગેની કેળવણી જ્યારે માણસને અપાશે ત્યારે તે એક સંપૂર્ણ કેળવણી બની શકશે. આ પાંચ પ્રવૃત્તિઓ તે શરીરની, પ્રાણની, મનની, ચિત્ત-તત્ત્વની અને આત્માની છે. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મ-સંયમ આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેક ગણું સારું કામ આપે છે.

બાળક કોઈ ભૂલ કરી બેસે ત્યારે તેની કબૂલાત તે આપમેળે અને નિખાલસ ભાવે કરે એમ થવા દેજો. અને તે પોતાની ભૂલ કબૂલ કરે ત્યારે તેને પ્રેમપૂર્વક અને માયાળુપણે સમજાવજો કે તેના કાર્યમાં ક્યાં ભૂલ હતી અને તે તેણે ફરીથી થવા ન દેવી જોઈએ. પણ કોઈપણ પરિસ્થિતિમાં તેને ઠપકો તો ન જ આપશો. જે ભૂલ કબૂલ કરી લેવાઈ હોય તેની તો માફી જ આપવી જોઈએ. તમારી અને તમારા બાળક વચ્ચે ભયનું તત્ત્વ દાખલ થઈ જાય એમ તો કદી ન થવા દેશો. બીકના પાયા ઉપર કેળવણીનું મંડાણ કરવું એ તો મહા જોખમનો માર્ગ છે.

શરીરની કેળવણીનાં ત્રણ મુખ્ય પાસાં છે : (૧) શરીરની ક્રિયાઓનો કાબૂ અને નિયમન. (૨) શરીરનાં સર્વ અંગો અને હલનચલનનો એક સંપૂર્ણ, પદ્ધતિસર અને સુમેળભર્યો વિકાસ, અને (૩) શરીરમાં કોઈ ખામીઓ કે વિકૃતિઓ હોય તેનો ઈલાજ.

કેળવણીના સર્વ પ્રકારોમાં માનવીની કેળવણી કદાચ સૌથી વધુ મહત્ત્વની કેળવણી છે અને સૌથી વધુ અનિવાર્ય છે. અને છતાં આ મહત્ત્વની કેળવણી ભાગ્યે જ હાથ ધરવામાં આવે છે અને હાથ ધર્યા પછી તેને સમજપૂર્વક અને પદ્ધતિપૂર્વક ભાગ્યે જ પાર પાડવામાં આવે છે. આમ બનવાનાં કારણો ત્રણ છે : પ્રથમ તો આ કેળવણી સાથે કઈ કઈ વસ્તુઓ સંકળાયેલી છે તે બાબતમાં માનવની બુદ્ધિ પાસે કશું સ્પષ્ટ દર્શન નથી. અને બીજું આ સાહસ હાથ લેવું એ ઘણું જ કઠણ કામ છે. અને તેમાં સફળ થવા માટે આપણામાં ખૂબ જ ધીરજ, અનંત ખંત અને અદમ્ય એવા સંકલ્પબળની જરૂર છે.

સાચી માનસિક કેળવણી માણસને એક ઉચ્ચ જીવન માટે તૈયાર કરવા માગે છે. અને એવી કેળવણીનાં મુખ્ય પાંચ તત્ત્વો હોય છે. સામાન્ય રીતે આ પાંચ તત્ત્વો માનવના વિકાસમાં એક પછી એક વિકાસ પામે છે. પરંતુ અમુક વિરલ વ્યક્તિઓમાં તે તત્ત્વો આગળ પાછળ અથવા તો એકી સાથે પણ પ્રગટ થાય છે. એ પાંચ તત્વો :

(૧) એકાગ્રતાની શક્તિ, ધ્યાન આપી શકવાની શક્તિનો વિકાસ. (૨) વિસ્તાર, વિશાળતા, સંકુલતા અને સમૃધ્ધતાની શક્તિઓનો વિકાસ. (૩) કોઈ એક મધ્યસ્થ વિચારની આસપાસ, યા તો કોઈ ઉચ્ચ આદર્શની આસપાસ, અથવા તો જીવનમાં માર્ગદર્શક બની શકે તેવા કોઈ પરમ પ્રકાશમય વિચારની આસપાસ પોતાના વિચારોનું સંગઠન. (૪) વિચારો ઉપર કાબૂ, અને ન ઈચ્છવા યોગ્ય વિચારોનો ત્યાગ, અને આ શક્તિને લીધે, છેવટે જતાં માણસ એવી અવસ્થા મેળવી શકે કે જેમાં તેણે પોતે જે વિચાર કરવો હોય તે જ વિચાર કરી શકે, અને જ્યારે વિચાર કરવો હોય ત્યારે જ કરી શકે. (૫) મનની નીરવ

અવસ્થા તેમજ સંપૂર્ણ સ્વસ્થતાની પ્રાપ્તિ, અને ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને વધુમાં વધુ ઝીલતા થવાની શક્તિ.

અંતરાત્મા અને આધ્યાત્મિક કેળવણી વિશે માતાજી લખે છે કે, તમારી પોતાની અંદર એક એવું તત્ત્વ શોધવાનું છે જે તમારા શરીરથી, તમારા જીવનની પરિસ્થિતિમાંથી તદ્દન સ્વતંત્ર જ છે. એ તત્ત્વ, તમારા મનને જે ઘાટ મળેલો છે તેમાંથી કાંઈ જન્મતું નથી. તમે જે ભાષા બોલો છો, તમારી આસપાસના વાતાવરણમાં જે રૂઢિઓ અને રિવાજો હોય છે. તમે જે દેશમાં જન્મ્યા હો છો, તમે જે યુગમાં આવેલા હો છો તે બધાથી તે એક નિરાળુ સ્વતંત્ર તત્ત્વ છે.

આધ્યાત્મિક કેળવણીમાં પણ એવું બને છે કે, તમે જે પરિસ્થિતિમાં મોટા થયા હશો, તમે જે માર્ગનો આશ્રય લીધો હશે તેમ જ તમારા સ્વભાવને જે વસ્તુઓ અનુકૂળ હશે તે મુજબ તમે તમારા લક્ષ્યને, તમારા મન દ્વારા તેને સમજવા માટે, જુદાં જુદાં નામો આપશો. તમારામાં જો ધાર્મિક રીતનું વલણ હશે તો આ લક્ષ્યને તમે પ્રભુના નામે ઓળખાવશો. તમારી આધ્યાત્મિક સાધના જગતના પ્રત્યેક રૂપમાં વસતા અંતર્યામી પરમાત્માના સાક્ષાત્કાર તરફ નહિ વળશે, પણ તમે સર્વ રૂપોથી પર આવેલા વિશ્વાતીત પરમાત્મા સાથે તાદાત્મ્ય મેળવવા પ્રયત્ન કરશો. બીજા કોઈ લોકો આ લક્ષ્યને કેવળ બ્રહ્મ, પરમ આદ્ય તત્ત્વ એવું નામ આપશો, તો કોઈ બીજા વળી તેને નિર્વાણ કહીને ઊભા રહેશે.

કેળવણી પુસ્તકમાં આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર વિશે લખેલા લેખો, ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ જેમાં (૧) પ્રેમની તપસ્યા (૨) જ્ઞાનની તપસ્યા (૩) શક્તિની તપસ્યા (૪) સૌન્દર્યની તપસ્યા વિશેના લેખો જે લખવામાં આવેલ છે તે સંપૂર્ણતઃ મૂકવામાં આવેલ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને - નાના તથા મોટા, ભાવિ દર્શન, સર્વાંગ રૂપાંતર, મૃત્યુનો ભય અને તેને જીતવાની ચાર પદ્ધતિઓ, ગુહ્યવિદ્યા જેમાં ('મૃત્યુનો ભય અને તેને જીતવાની ચાર પદ્ધતિઓ'ના લેખમાં આવેલા છેલ્લા ફકરામાંથી જન્મેલા પ્રશ્નોનો ઉત્તર), એક સ્વપ્ન, માનવજાતિને મદદ, સ્ત્રીનો પ્રશ્ન જેવા વિવિધ લેખ મૂકવામાં આવ્યા છે.

કેળવે તે કેળવણીને ચરિતાર્થ કરી રહેલા સૌ સારસ્વત શિક્ષકોએ આ પુસ્તક અવશ્ય વાચવું જોઈએ. જેના પરિણામે કેળવણી વિશેના દૃષ્ટિકોણનો ઉઘાડ થશે. જેમ કે, ઓરડો હોય તેટલું બારસાખ ન હોય, બારસાખ હોય તેટલું કમાડ (દરવાજો) ના હોય, કમાડ હોય તેટલો મોટો હડો (હેન્ડલ) ના હોય, હડો હોય તેટલું મોટું તાળું ના હોય, તાળું હોય તેના કરતાં મોટી ચાવી ના હોય છતાં તમે ચાવીથી તાળું ખોલો એટલે કમાડ ખૂલી જાય અને આખા ઓરડાના દર્શન થઈ જાય તેમ આ પુસ્તક તમને કેળવણીની પરાદષ્ટિનાં દર્શન કરાવી શકશે.

સારસ્વત શિક્ષક ભાઈ-બહેન, આપ આ પુસ્તક ચોક્કસ વાચશો તેવી મને શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનાં બીજ અવશ્ય ફૂટશે... કવિ મકરન્દ દવેની પંક્તિ સાથે અટકું...

મેં તો વેર્યાં છે છૂટા હાથે બીજ અહીં,<br>
હવે જાણે વાદળ, ને જાણે વસુંધરા.

❑

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**<br>
**સુરેન્દ્રનગર**

## અભિનંદન !
## શ્રેષ્ઠ નવલિકા પુરસ્કાર

શ્રી નર્મદ સાહિત્ય સભા, સુરત દ્વારા દર વરસે **શ્રી કેતન મુનશી શ્રેષ્ઠ નવલિકા પુરસ્કાર** માટેની એક સ્પર્ધા યોજવામાં આવે છે. જેમાં પ્રથમ શ્રેષ્ઠ નવલિકાને રૂા. ૨૫૦૦૦/-નો પુરસ્કાર, શાલ તથા સ્મૃતિચિહ્ન ખાસ સમારોહમાં મૂર્ધન્ય સાહિત્યકાર તેમજ સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવે છે.

આ પુરસ્કાર સુપ્રસિદ્ધ સાહિત્યકાર **શ્રી રાઘવજી માધડને** તેમની નવલિકા 'ભડકો' માટે તા. ૧-૬-૨૦૧૪ના રોજ સુરત મુકામે સર્જકના જન્મદિને એક દબદબાભર્યા સમારોહમાં અર્પણ કરવામાં આવ્યો.

# English Quiz

- સાગર ડી. અજમેરી

આપણા વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષય ઘણો પ્રિય છે, પણ તે અઘરો વિષય છે તેવી ગેરમાન્યતાના કારણે તેનાથી ગભરાય છે. આ કારણે આપણા વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયને પારકો ગણતા થયા છે. અંગ્રેજી વિષય શિક્ષણ અંતર્ગત વિદ્યાર્થીઓ ભાષાશિક્ષણનાં ચારેય કૌશલ્યો (LSRW-Listening, Speaking, Reading અને Writing) નો મહાવરો મેળવે તે આવશ્યક છે.

આપણાં બાળકોને સહજતાથી અંગ્રેજી વિષય તરફ દોરી જવા અને રમતાં રમતાં અંગ્રેજી વિષયનું - ભાષાનું શિક્ષણ થાય તે હેતુસર અંગ્રેજી ક્વિઝનું આયોજન કરી શકાય. અંગ્રેજી ભાષાશિક્ષણ અંતર્ગત વ્યાકરણના નિયમો ગોખાવવા કે સમજાવવાની જરૂર નથી, પરંતુ બાળકોને વ્યવહારુ પદ્ધતિથી અંગ્રેજી ભાષાનું જ્ઞાન પીરસવાનું છે.

સૌપ્રથમ આપણે ક્વિઝનો અર્થ સમજીએ. 'A quiz is a form of game on mind sport in which the players (as individuals or in group) attempt to answer questions correctly.'

અંગ્રેજી ભાષામાં ક્વિઝના પ્રયોગ અંતર્ગત અમારી પે સેન્ટર શાળા, જાખલાના ધોરણ ૫ થી ૮ ના વર્ગમાં અંગ્રેજી વિષયની સરળ કસોટી દ્વારા ચાર-ચાર વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા. અંગ્રેજી ક્વિઝ માટે કુલ ૪ ટીમ તૈયાર કરવામાં આવી. આ ક્વિઝ માટે કુમાર અને કન્યા સપ્રમાણ પસંદ કરવામાં આવ્યા. ક્વિઝની દરેક ટીમમાં ધોરણ ૫ ના એક વિદ્યાર્થી. ધોરણ ૬ ના એક વિદ્યાર્થી, ધોરણ - ૭ના એક વિદ્યાર્થી અને ધોરણ ૮ ના એક વિદ્યાર્થીને પસંદ કરવામાં આવ્યા. ક્વિઝ માટેની ચારેય ટીમને 'ટીમ બ્લૂ', 'ટીમ ઓરેન્જ', 'ટીમ ગ્રીન' અને 'ટીમ રેડ' નામ આપવામાં આવ્યાં.

ક્વિઝમાં સ્કોરર તરીકેની કામગીરી શાળાનાં શિક્ષિકાબહેનશ્રી તારાબેન વણકરે નિભાવી. સૌપ્રથમ દરેક ટીમના સભ્યોએ પોતાનો પરિચય આપ્યો. ત્યારબાદ ક્વિઝ માસ્ટરે આ અંગ્રેજી ક્વિઝ વિશે માહિતી આપી નિયમો સમજાવ્યા.

- આ ક્વિઝમાં કુલ ૫ રાઉન્ડ રહેશે.

Round 1 : (Rapid Fire) 'Fastest First'
Round 2 : 'Odd me Out'
Round 3 : (Exploring Pictures) 'Picture Me Sixer'
Round 4 : (Direct Question) 'Bolo to Jaane'
Round 5 : (Cross Word Puzzle) 'Dhoondhte reh Jaaoge'

- પહેલા રાઉન્ડના ૬૦ ગુણ રહેશે, જ્યારે બાકીના દરેક રાઉન્ડના ૩૦ ગુણ રહેશે.
- દરેક રાઉન્ડ પછી દરેક ટીમના પ્રાપ્ત કરેલા ગુણ જાહેર કરવામાં આવશે.
- અંગ્રેજી ક્વિઝના પહેલા રાઉન્ડમાં બે ભાગ રાખવામાં આવ્યા. પહેલા રાઉન્ડમાં ક્વિઝ માસ્ટરે પ્રત્યેક ટીમને ૩-૩ પ્રશ્નો પૂછ્યા, જેના ઉત્તર 'Yes' અથવા 'No' માં આપવામાં રહ્યા, જ્યારે બીજા વિભાગમાં ૩-૩ પ્રશ્નોના ઉત્તર 'True' અથવા 'False' માં આપવામાં આવ્યા. આ 'Rapid Fire' રાઉન્ડમાં તેના નામ પ્રમાણે દરેક ટીમે અત્યંત ઝડપી ઉત્ત- ાપ્યા.

બીજા રાઉન્ડ 'Odd me out' માં LCD ટી.વી. સ્ક્રીન પર દરેક ટીમ માટે ૩ શબ્દજૂથ આપવામાં આવ્યા, જે અંતર્ગત દરેક ટીમે આપેલ શબ્દરજૂથના અલગ પડતા શબ્દને જણાવ્યો.

ત્રીજા રાઉન્ડ Exploring Picture માં ક્વિઝ માસ્ટરે ટી.વી. સ્ક્રીન પર કોઈ ચિત્ર બતાવી તે ચિત્રના આધારિત પ્રશ્નો પૂછી તે માટે વિવિધ વિકલ્પો જણાવ્યા, જે અંતર્ગત વિવિધ ટીમે પ્રશ્નોના ઉત્તર આપ્યા. આ રાઉન્ડમાં પ્રત્યેક સાચા જવાબ માટે ૧૦ ગુણ મળે તેમજ ખોટા જવાબ માટે ૫ ગુણ કાપવામાં આવેલા.

રાઉન્ડ - ૪ **Direct Question** અંતર્ગત ક્વિઝ માસ્ટરે પ્રત્યેક ટીમને ૩ પ્રશ્નો પૂછી તેના વિકલ્પો આપ્યા. દરેક ટીમે યોગ્ય ઉત્તર પસંદ કરી જણાવ્યા. આ રાઉન્ડમાં પણ પ્રત્યેક સાચા ઉત્તર માટે ૧૦ ગુણ આપવામાં આવ્યા, જ્યારે ખોટા ઉત્તર માટે ૫ ગુણ બાદ કરવામાં આવ્યા.

રાઉન્ડ - ૫ **Cross Word Puzzle** માં દરેક ટીમને એક ક્રોસ વર્ડ પઝલ પેપર આપવામાં આવેલ અને દરેક ટીમે ૫ મિનિટની સમય મર્યાદામાં ૨૦ પ્રાણીઓનાં નામ શોધવા પ્રયત્ન કર્યા. અહીં પ્રત્યેક સાચા જવાબ માટે ૩ ગુણ મુજબ રાઉન્ડના કુલ ૩૦ ગુણ રાખવામાં આવ્યા.

આ દરેક રાઉન્ડમાં સમાવિષ્ટ વિવિધ પ્રશ્નો પૈકી ઉદાહરણ રૂપે નીચે મુજબના પ્રશ્નો રાખવામાં આવ્યા :


**Round : 1 : Rapid Fire**

(1) I like an apple. It it correct ? (Yes)
(2) Rajesh have bicycle. Is it right ? (No)
(3) A dog can fly in the sky. (No)
(4) The opposite word of 'day' is 'night'. True or False ? (True)
(5) Sachin Tendulkar is a famous hockey player. True or False (False)
(6) 3 + 4 = 8, True or False ? (False)

**Round 2 : 'Odd me out' :**

| | | | |
|---|---|---|---|
| (1) Pen | Pencil | Umbrella | Sketch Pen |
| (2) Banana | Apple | Orange | Potato |
| (3) Teacher | Father | Doctor | Engineer |
| (4) Cow | Peacock | Hen | Sparrow |

**Round 3 : Exploring Pictures :**



(1) The shape of roof is ..........................
(a) Square (b) triangle (c) round

(2) The shape of the window is ..........................
(a) square (b) round (c) triangle

**Round 4 : Direct Question :**

(1) .......................... is known as Green City of Gujarat
(a) Anand (b) Surat (c) Gandhinagar

(2) What is the oppsite word of 'young' ?
(a) old (b) gold (c) small

(3) Find out verb in the given sentence :
'I eat two apples in a day'
(a) two (b) apple (c) eat

(4) Which is our national bird ?
(a) parrot (b) peacock (c) sparrow

**Round 5 : Cross Word Puzzle.**

બધા રાઉન્ડના અંતે 'ટીમ બ્લ્યુ'ના ૮૦ પોઈન્ટ્સ, 'ટીમ ઓરેન્જ' ના ૧૧૫ પોઈન્ટ્સ, 'ટીમ ગ્રીન' ના ૧૦૨ પોઈન્ટ્સ અને 'ટીમ રેડ' ના ૯૦ પોઈન્ટ્સ જાહેર કરવામાં આવ્યા. ક્વિઝના અંતે ૧૧૫ ગુણ મેળવનાર 'ટીમ ઓરેન્જ' ને વિજેતા ટીમ જાહેર કરવામાં આવી અને દરેક ટીમને પ્રોત્સાહન પાઠવી ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

ક્વિઝના અંતે બાળકોએ આપેલ ફિડબેક શિટ પરથી જાણી શકાયુ કે વિદ્યાર્થીઓ આવી ક્વિઝ દ્વારા રસપ્રદ રીતે અંગ્રેજી ભાષાશિક્ષણ મેળવી શકે છે. તેમણે અંગ્રેજી ઉપરાંત ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી વગેરે વિષયો અંતર્ગત આવી ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા આતુરતા વ્યક્ત કરી.

આ ક્વિઝ દ્વારા વિદ્યાર્થીના મનમાં વ્યાપેલ અંગ્રેજી વિષય પ્રત્યેનો ભય અને ગેરમાન્યતા દૂર થતી જોવા મળી વળી, સહભાગી વિદ્યાર્થીઓ અને અન્ય વિદ્યાર્થીઓ આવી પ્રવૃત્તિમાં ભાગ લેવા તત્પર બન્યા. અંગ્રેજી વિષય પરત્વે વિદ્યાર્થીનો રસ કેળવવાનો આ નાનકડો સફળ પ્રયત્ન આગામી ભવિષ્યમાં કોઈ નવી કેડી કંડારશે તેવી અપેક્ષા.

❑

પે. સેન્ટર શાળા, જાખલા
તા. ઉમરેઠ, જિ. આણંદ

## એક મહાન શિક્ષકનો એકરાર

એક વખત દક્ષિણામૂર્તિનો એક વિદ્યાર્થી વીજળીના કારખાનામાં હોજમાં મરી ગયો. અમે સૌ આ દિવસોમાં પાવરહાઉસના હોજમાં નાહવા માટે જતા. હું પણ નાહવા-તરવામાં સાથે હતો. આ બનાવના દિવસે પણ અમે સૌ સંખ્યા ગણીને નાહવા ગયેલા ને સંખ્યા ગણીને પાછા ફર્યા. પણ સંખ્યાની ગણતરીમાં કાં તો ભાઈ અમીચંદની ભૂલ થઈ અથવા હું જુદું સમજ્યો, પણ એક ભાઈ પાછળ રહી ગયો. એનું નામ હતું તુલસીદાસ. એ તરતાંતરતાં થાકી ગયો હશે. અમે ઘર તરફ ચાલ્યા ત્યારે જો અમને ખબર પડી હોત તો અમે એને તરત જ બહાર લીધો હોત ને બચાવ્યો હોત, પણ અમે તો ચાલ્યા ગયા. બીજે દિવસે સવારે તુલસીદાસનું મડદું તર્યું એટલે પાવરહાઉસથી અમને ખબર મળ્યા. હું ત્યાં દોડ્યો. પણ શા કામનો? મને ત્યાં મૂર્છા આવી, પણ શા કામની?

તુલસીદાસના અવસાનથી મને જબ્બર ધક્કો લાગ્યો. મેં ગૃહપતિ તરીકેની મોટી ગેરલાયકાત સ્વીકારીને દક્ષિણામૂર્તિમાંથી છૂટા થવાનું વિચાર્યુ, પણ આખરે મિત્રોના અને પૂજ્ય બાપુના સાંત્વનથી મનને શાંત કર્યું. તે દિવસે પ્રાર્થના મંદિરમાં મળેલી લોકસભામાં બોલેલો, "તુલસીદાસ તો મને એનાં માબાપે સોંપેલી થાપણ હતો. એ ગયો એના કરતાં મારો પોતાનો બાબુ ગયો હોત તો મને ઓછો આઘાત થાત."

- નાનાભાઈ ભટ્ટ

- સંકલન

## વાંચન વિકાસ

- મયુરકુમાર ભોગાયતા

નર્મદામૈયાના તટ પર આવેલા ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાનું માંચ ગામ. ગામમાં હિન્દુ-મુસ્લિમ વસ્તી છે. મોટા ભાગની વસ્તી મુસ્લિમ જાતિની છે બાકીની વસ્તીમાં અનુસૂચિત જનજાતિના લોકો છે. ગામ નાનકડું હોવાથી શાળામાં બાળકોની સંખ્યા ઓછી છે.

ગામના લોકોનો વ્યવસાય ખેતી છે. અનુસૂચિત જનજાતિના મોટા ભાગના લોકો ખેતમજૂરીનું કાર્ય કરે છે. આ સમાજમાં શિક્ષણનું પ્રમાણ અલ્પ હોવાથી અનુસૂચિત જનજાતિના બાળકો નિયમિત શાળાએ આવવાને બદલે ખેતમજૂરી અર્થે જતા રહે છે. ભણતરની આ વયમાં શાળાએ અનિયમિત આવવાને કારણે આ બાળકોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ અલ્પ જોવા મળતું હતું. બાળકો મૂળાક્ષરોને સામાન્ય ઓળખી શકતા હતા.

ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોમાં વાંચન વિકાસ થાય. બાળકો શાળામાં નિયમિત રીતે આવતાં થાય અને તેમની સમજણ અનુસાર તેમને શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરવાનું વિચાર્યું. વર્ગના અન્ય બાળકોની જેમ જ આ બાળકોને પણ શિક્ષણ પ્રાપ્ત થાય. તેઓ વાંચન લેખન કરી શકે તે માટે મેં પ્રયત્નો શરૂ કર્યા.

સૌ પ્રથમ બાળકો શાળાએ આવતાં થાય અને તેમનામાં કંઈક શીખવાની તમન્ના જાગે એ માટે મૂળાક્ષરો અને સાદા શબ્દોનો મહાવરો કરાવ્યો. ચિત્રવાર્તા અને તેમની નીચે આપેલાં સરળ વાક્યો શિખવવાની શરૂઆત કરી. સાદા શબ્દોના મૂળાક્ષર પ્રમાણેની યાદી કરીને બાળકોને મહાવરો કરાવ્યો આથી બાળકોમાં સામાન્ય શબ્દો સમજવા અંગે અમુક અંશે સફળતા પ્રાપ્ત થઈ ત્યારબાદ બાળકોને પોતાની જાતે કંઈક નવું શીખ્યાનો સંતોષ થાય અને પોતે મહેનત કરી એવું જણાય એ માટે બાળવાર્તાની નાની ચોપડીઓ, ગુજરાતી ધોરણ ૧ થી ૪ ની ચોપડીઓ માંથી સાદા શબ્દોના લેખન જે તેઓ સરળ રીતે વાંચી શકે તેમ કરવા સૂચન કર્યું. જેથી બાળકો આખો દિવસ એ વિષયને વળગી રહે. આ પ્રવૃત્તિ બાદ વાર્તા વાંચન કરવા સૂચન કર્યું. જેમાં વર્ગનાં હોશિયાર બાળકો આ બાળકો જ્યાં અટકે ત્યાં તેમને મદદરૂપ બને તેવી ગોઠવણ કરી. આ બાળકોને દિવસ દરમિયાન પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મળી રહે તે માટે શબ્દોનાં વિવિધ કાર્ડ પણ બનાવ્યાં જેમાં બાળકો જાતે કાર્ડ ગોઠવીને નવો શબ્દ કે વાક્ય બનાવી શકે.

અમારી શાળામાં કમ્પ્યૂટર લેબની સુવિધા પણ ઉપલબ્ધ છે. આથી મેં શાળાના બાળકોને કમ્પ્યૂટર શિખવ વાની શરૂઆત કરી દીધી. બાળકો રસપૂર્વક કમ્પ્યૂટર શીખતા થયા તેથી મને શીખવવાની વાંચન વિકાસ કરવાની રીત મળી ગઈ. જે બાળકને વાંચન લેખનમાં ઓછો રસ પડે છે એ બાળકોને કમ્પ્યૂટરમાં શીખવાની મજા આવે છે મેં તેમની શીખવાની આ રીતને ઈન્ટરનેટના માધ્યમથી નૂતન ટેક્નોલોજી સાથે જોડી દીધી.

સાદી અને સરળ વાર્તાઓ વાક્યો અને શબ્દોનું સચિત્રજ્ઞાન કમ્પ્યૂટર પર મળવાને કારણે શાળાએ અનિયમિત આવતાં બાળકો શાળાએ આવતાં થયા જેથી અનિયમિતતાનો પ્રશ્ન પણ હલ થઈ ગયો.

માંચ પ્રાથમિક શાળા,
તા. જિ. ભરૂચ

●●●

## બાળકોની કલ્પના શક્તિ

- પિન્ટુબહેન પટેલ

બાળકોની અંદર સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે હેતુસર શાળામાં ઘણી બધી પ્રવૃત્તિઓ આપણે કરાવતા

હોઈએ છીએ. આપણને આ પ્રવૃત્તિઓ કરાવતી વખતે ઘણી વખત એવા અનુભવ થતા હોય છે જે આપણા સ્મરણપટ પરથી ક્યારેય ભૂંસાતા નથી. આવો જ એક અનુભવ મને પ્રવૃત્તિ દરમ્યાન થયો.

હું મારા વર્ગખંડમાં માટીકામની પ્રવૃત્તિ કરાવતી હતી. મેં અગાઉથી મંગાવીને તૈયાર કરેલ માટી બાળકોને જૂથમાં બેસાડીને આપી. મૌખિક સૂચના બાદ દરેક બાળક માટીકામની પ્રવૃત્તિઓમાં ખૂબ જ ઓતપ્રોત થઈ ગયા. કોઈએ ટીવી બનાવ્યું. કોઈએ મોબાઈલ બનાવ્યો કોઈએ બસ બનાવી, આ ઉપરાંત શાકભાજી, ફળો, રસોઈનાં સાધનો, અંકો, મૂળાક્ષરો, મીઠાઈ, ટેબલ-ખુરશી, ઘર વપરાશના સાધનોથી વર્ગખંડ છલકાઈ ગયો. એક વિદ્યાર્થી એ તો મોબાઈલનો ટાવર બનાવ્યો. મે પૂછ્યું આ શું બનાવ્યું? તો બોલવા લાગ્યો મોબાઈલનો ટાવર.

એટલામાં જ ધોરણ-૪મા ભણતો વિદ્યાર્થી મને કહેવા લાગ્યો 'બેન, હું બાયોમેટ્રિક મશીન બનાવું?' મે કીધું 'તારે જે બનાવવું હોય તે બનાવ. મારી ના નથી.' મારી લીલી ઝંડી મળતાં જ તે ઉત્સાહિત થઈ ગયો અને માટીમાંથી સરસ મઝાનું કોમ્પ્યૂટર બનાવ્યું. એણે વાયરની જગ્યાએ મેદાનમાંથી સરસ મઝાની લાલ દોરી શોધી લાવીને અંદર લગાડી. સાથે સ્કેનર પણ એવું સરસ બનાવ્યું. આટલું જ નહિ. "આભાર" વ્યક્ત કરતો સિમ્બોલ મારા પ્રજ્ઞાવર્ગના બોક્ષમાંથી કાઢી લાવીને ચોંટાડ્યો. બાળકની આ કલ્પના શક્તિનો મને ઝાટકો લાગ્યો. બાળકોની કેટલા K.G.B. ની સ્ટોરેજ બુદ્ધિ છે.

આટલું જ નહિ આ વાતના ૧૦ દિવસ પછી મારી શાળામા પ્રજ્ઞાવર્ગની તાલીમ રાખવામાં આવી હતી. તેની બેઠક વ્યવસ્થા મારા વર્ગખંડમાં રાખવામાં આવી. ત્યારે શિક્ષકોની નજર બારી પર મૂકેલા માટીના બાયોમેટ્રીક પર પડી. મને પ્રજ્ઞા B.R.P. પ્રશ્નો પૂછવા લાગ્યા. આ કોણે બનાવ્યું? તમે કે તમારા પ્રજ્ઞા બાળકે? ત્યારે મે ગર્વથી કહ્યું. આ મારા પ્રજ્ઞા બાળકે બનાવ્યું. અને સાંજે રોજ આ મશીન પર તે બાળક અંગૂઠો મૂકીને જવાનો સમય મારે છે.ત્યારે બધા શિક્ષકો ખખડીને હસવા લાગ્યા.

લ.ફ. વર્ગ. પીપેરો
તા. ધાનપુર, જિ. દાહોદ

●●●

## મારી પ્રેરણામૂર્તિ - ગુરુ બ્રહ્મા

**- દીપકભાઈ લાડ**

મારા જીવનના વિદ્યાર્થીકાળની ઘટના યાદ આવે છે. સને ૧૯૮૪માં હું જ્યારે એસ.એસ.સી. પાસ કરી. નવસારી જિલ્લામાં આવેલ અમલસાડ બી.એ. મહેતા કલા મહાવિદ્યાલયમાં A.T.D. ના કોર્સ કરવા માટેનું ફોર્મ લેવા આ કોલેજમાં આવ્યો, સવારના ૭:૩૦ નો સમય હતો. ૮:૦૦ વાગે કોલેજ ચાલુ થવાનો સમય હતો. હું કોલેજમાં દાખલ થયો, ઓફિસ રૂમ તેમજ ક્લાર્ક રૂમ ખાલી હતો. આમ તેમ નજર ફેરવી તો કોલેજમાં કમ્પાઉન્ડમાં એક ખાદીધારી વડીલ બેસીને કચરો વીણતા હતા. મારાથી સહજ એમને પુછાઈ ગયું ક્લાર્ક ક્યારે આવશે? તો એમણે જવાબ આપ્યો ૮-૦૦ વાગે તમે પટાવાળા છો? તો કહ્યું હા...

૮-૦૦ વાગ્યા પછી ક્લાર્ક અને શિક્ષકો આવ્યા. તેની સાથે A.T.D. ના ફોર્મની વિગતો બધી જાણી લીધી. ત્યાર બાદ અઠવાડિયા પછી ફી ભરવા તથા ફોર્મ લઈને ઓફીસમાં આવ્યો. ત્યાં સહજ મારી નજર પ્રિન્સિપાલની ઓફિસ પર પડી. મને આ જ માણસ પ્રિન્સિપાલની ખુરશીમાં બેઠા નજરે પડ્યા. મને શંકા થઈ, મેં તરત નજર બચાવી ક્લાર્કને પૂછ્યું, આ પ્રિન્સિપાલની ખુરશીમાં કોણ વડીલ બેઠા છે? ક્લાર્કે કહ્યું એ વડીલ જશુભાઈ નાયક છે અને આ જ કોલેજના પ્રિન્સિપાલ છે. ગુજરાતના ખ્યાનામ ચિત્રકારમાં એમનું ખૂબ મોટું નામ છે. ખરેખર આવા બાહોશ પ્રિન્સિપાલ જોઈને મને એ સમજાયું કે આપણે જે ગુરુ વિશેનો શ્લોક બોલીએ છીએ, ગુરૂઃ બ્રહ્મા ગુરૂઃ વિષ્ણુ ગુરુઃ દેવો મહેશ્વર... ખરેખર એ પ્રિન્સિપાલ શ્રી જશુભાઈ તો ગુરુઃ બ્રહ્મા જ છે.

પણ હું મારા ભ્રમમાં જ અટવાઈ પડ્યો. ત્યારબાદ હું એમને એકલો ઓફિસમાં જઈ મારી નાદાનિયતમાં થયેલી ભૂલ સ્વીકારી લીધી. એમણે હસતાં હસતાં મને માફ કર્યો. આવી કોલેજમાં મને મોકો ભણવાનો બે વર્ષ મોકો મળ્યો અને જીવનના ઘણાં સારાં પાસાં જાણવા મળ્યાં. પ્રાર્થના સંમેલનમાં પણ જશુભાઈ નાયક પ્રેરક પ્રસંગો કહેતા અને મને સમજાયું કે જીવન પદ, પ્રતિષ્ઠા કે પોઝીશન કરતાં પણ તમારું કર્મ તમને મોટા બનાવે છે.

ડૉ. ગુણવંત શાહનું વાક્ય છે કે "તમે જ્યાં છો, ત્યાં તમારી હયાતીની અસર પડવી જોઈએ, નહીં તો એ જગ્યા રોકવાનો અર્થ નથી."

**આદર્શ ડીંડોલી પ્રા. શાળા,**
**તા. ચોર્યાસી, જિ. સુરત**

●●●

## પ્રત્યક્ષ અનુભવ

**- બિપિન બી. કોકણી**

આજના ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થીને અનુભવ જન્ય જ્ઞાનની તાતી જરૂરિયાત છે. જેથી વિદ્યાર્થી જીવનમાં ઉપયોગી બની શકે. આમ અનુભવજન્ય જ્ઞાન આપવાના ઉદ્દેશ્યથી બાળકોને "પ્રવાસ પર્યટન" દરમ્યાન અનુભવજન્ય જ્ઞાન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

આ માટે વિદ્યાર્થી પક્ષે જવાબદારી આપીને કાર્ય કરાવીને અનુભવજન્ય જ્ઞાન આપવાના ઉદ્દેશ્યથી પ્રવાસ પર્યટન દરમ્યાન સંપૂર્ણ કાર્ય વિધિ બાળકો પાસે કરાવવાનો આગ્રહ રાખ્યો. જેમા બાળકોએ જવાબદારી સ્વીકારી.

"બોમ્બે દર્શન" ના પ્રવાસ દરમ્યાન અનુભવજન્ય જ્ઞાન આપવા માટે સંપૂર્ણ કાર્ય વિધિ બાળકો પાસે કરાવી જે નીચે મુજબની હતી.

- બાળકો સાથે શિક્ષકો સાથે આયોજન બાબતે વાર્તાલાપ.
- વિદ્યાર્થી શાળાના આચાર્ય સાથે સંમતિ અંગે વાર્તાલાપ.
- વિદ્યાર્થીઓએ જાતે જ વાલી સંમતિપત્રક લખીને સંમતિ મેળવી.
- પ્રવાસ ફી એકત્ર કરી આયોજન

આ તમામ જવાબદારી બાળકોએ જાતે સ્વીકારી પ્રવાસ માટે "બોમ્બે દર્શન"નું આયોજન થયું. એ માટે બાળકો પાસે રેલવે સ્ટેશનની મુલાકાત ગોઠવાવવામાં આવી. જેમાં બાળકો...

- ટિકિટ બુકિંગની માહિતી મેળવી ટિકિટ બુકિંગ ફોર્મ ભરવું
- સમય પત્રકની નોંધ લેવી
- પ્રવાસ માટેનો જરૂરી સામાન, દવા બાળકો જાતે મેળવી
- બાળકોને ટિકિટ આપી, ટ્રેન નંબર જોઈને ટ્રેન શોધવાનો મહાવરો.
- ટ્રેનનો ડબ્બો જાતે શોધીને સીટ શોધીને બેસવું.
- પ્રવાસ દરમ્યાન કરવાની નોંધો, ફોટોગ્રાફી તથા જરૂરી માહિતી બાળકો જાતે મેળવી. આમ પ્રવાસ માટેનો તથા રેલવેનો અનુભવ બાળકોને વાર્તા ખૂબજ ખુશી મહેસૂસ કરી. આ અનુભવ તથા અહેવાલની સી.ડી. બનાવીને તમામ બાળકોને આપવામાં આવી. જેથી જીવનભર યાદગીરી રહે. આમ, આ અનુભવ ખૂબ જ આગવો રહ્યો.

આના ઉપરથી પ્રેરણા લઈને, અમે સૌ બાળકોને અનુભવજન્ય જ્ઞાન આપવાના ઉદેશથી "સંસ્થા મુલાકાત" માં આ અનુભવ જન્યજ્ઞાન આપવા માટેનો પ્રયત્ન કર્યો.

વિવિધ સંસ્થાઓની મુલાકાત દરમ્યાન સંસ્થાઓથી પરિચય કેળવીને કાર્યરીતિનો અનુભવ થાય એ માટે જે-તે સંસ્થાના ઉપયોગમાં લેવાતાં તમામ ફોર્મ ભરાવીને મહાવરો કરાવ્યો. તથા પ્રત્યક્ષ પ્રેક્ટિકલિ પણ કરાવ્યું. જેમ કે -

- **બેંક મુલાકાત દરમિયાન**

  વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના ફોર્મ ભરાવડાવ્યાં જેમ કે

- પૈસા ઉપાડવાની સ્લિપ ભરાવવી
- ખાતું ખોલવા માટેનું ફોર્મ ભરાવવું
- પૈસા જમા કરાવવા માટેની કર્મવિધિ જાતે કરાવડાવવામાં આવી

- **દવાખાના મુલાકાત દરમ્યાન નીચેના અનુભવો કરાવ્યા.**

- કેસ કઢાવવાની પ્રવિધિ
- ડોક્ટર / નર્સ સાથે વાર્તાલાપ વિડીયો રેકોર્ડીંગ.
- ૧૦૮નો ઉપયોગ ફોન દ્વારા
- ૧૦૪નો ઉપયોગ

  વગેરે જેવી બાબતોનો પ્રત્યક્ષ અનુભવ કરાવડાવ્યો.

- **રેલવે સ્ટેશનની મુલાકાત દરમ્યાનની પ્રવિધિઓ.**

- ટિકિટ રિઝર્વેશન માટેના ફોર્મ ભરાવવા.
- ટિકિટ કઢાવવી.
- રેલવે ટાઈમટેબલ સમજાવવાનો મહાવરો.
- ગાડી નંબર, ડબ્બો ઓળખ, સીટી ઓળખ ટિકિટ આપીને કરાવ્યો.

- **પોલીસ સ્ટેશન મુલાકાત દરમ્યાન**

- ફરિયાદ નોંધ કરાવવા માટેની પ્રવિધિ.
- પરવાનગી મેળવવાની પ્રવિધિ.

- **પોસ્ટ ઑફિસ મુલાકાત દરમ્યાન**

- પોસ્ટકાર્ડ લખાવીને બોક્ષમાં પ્રત્યક્ષ નંખાવ્યો.
- પોસ્ટ દ્વારા પૈસા મોકલવાની પ્રવિધિઓ.
- પોસ્ટમાં પૈસા જમા કરાવવાની પ્રવિધઈઓ.
- પોસ્ટર માસ્તર સાથે વિડીયો રેકોર્ડીંગ સાથે વાર્તાલાપ

આ પ્રકારના પ્રત્યક્ષ અનુભવ કરાવીને વિદ્યાર્થીઓને આ અનુભવમાંથી પસાર થઈને આ અનુભવનો જીવનમાં ઉપયોગ કરી શકે. આ માટેનો આદર્શ પ્રયાસ મુખ્ય હેતુ હતો. આ જ્ઞાન વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય એ જ એની સફળતા.

❑

તાલુકા શાળા ઉચ્છલ
તા. ઉચ્છલ, જિ. તાપી

## "એમને રજા ગમતી નથી"

ભગિની નિવેદિતાએ પોતાના આત્માના ઊંડા પ્રેમથી સર્વ વિદ્યાર્થીઓનાં હૃદયોને એવાં જીતી લીધાં હતાં કે વિદ્યાર્થિનીઓને શાળામાંથી જવું ગમતું નહીં. એક રવિવારે ઘરની બહાર કલબલાટ થતાં તેમણે નોકરને જોવા મોકલ્યો કે આજે રજાના દિવસે બહાર આટલો અવાજ કેમ થાય છે. નોકરે પાછા આવીને ભાંગ્યા-તૂટ્યા શબ્દોમાં અંગ્રેજીમાં તેમને કહ્યું, "છોકરીઓને આજેય નિશાળે આવવું છે ને તમારી પાસે ભણવું છે. એમને રજા ગમતી નથી." આ સાંભળીને ભગિની આનંદથી છલકાઈ ગયાં. એમના શિક્ષણની સફળતાની નક્કર સાબિતી આનાથી બીજી વધારે કઈ હોઈ શકે ? તેઓ પોતે પોતાના આરામનો રજાના દિવસે કરેલાં કાર્યોના આયોજનનો - કશાનો વિચાર કર્યો વગર બાલિકાઓને આવકારવા દરવાજે દોડી ગયાં !

પ્રા. જ્યોતિબહેન થાનકી

# ભેદ નહીં માત્ર ભાવ

- જીજ્ઞાબહેન કે. ઠકરાર

આપણા Unconscious mind માં કેટલાક ખ્યાલો અને માન્યતાઓ ખોટા પડેલા હોય છે, તેનો ખ્યાલ આપણને ત્યારે જ આવે જ્યારે તેને સ્પર્શ કરતો કોઈ પ્રસંગ બને. મારી સાથે પણ આવુ બનેલું, મારી એક વિદ્યાર્થિની નિમિષા મારી પાસે આવી મને કહે, બહેન, શાળા પંચાયત સમિતિમાં ખાસ કરીને તાળામંત્રી અને બેલમંત્રી છોકરાઓ જ કેમ ? અમે છોકરીઓ કેમ ન કરી શકીએ ? અમને આ કામ સોંપો ને ત્યારે જ અચાનક ઝબકારો થયો કે વાત તો સાચી !

પણ નિમિષાને જે વિચાર આવ્યો તેવો વિચાર મને આ પહેલાં નહોતો આવ્યો. કારણ કે, હું જ્યારથી ભાડ શાળામાં સર્વિસ પર લાગી ત્યારથી આ સમિતિમાં કુમાર જ હોય છે અને એ વાત સૌને સ્વીકાર્ય જ લાગે. કદાચ એમ થાય કે શાળાના દરેક રૂમના તાળાં ખોલવા બંધ કરવા તાસ અને રિસેસ મુજબ બેલ વગાડવા એ બધુ છોકરાઓ વધારે સારી રીતે કરી શકે. પણ આ માન્યતા જ ખોટી. અત્યારના સમય ને સ્પર્શતો વિષય જે તે આપણે gender bias કહી શકીએ તે આનું નામ.

આવું એક બાબતમાં નહીં અનેક બાબતમાં અજાણપણે આપણા મનમાં તો શું પણ જન્મદાતા માતા-પિતાના મનમાં પણ ભેદભાવ આવી જતા હોય છે કે અમુક કાર્ય છોકરાઓને જ સોંપાય અને અમુક કાર્ય છોકરીઓને જ સોંપાય. દા.ત. બજારમાંથી કંઈક લાવવા મોકલવાના હોય તો વાલી કોને મોકલશે ? મોટાભાગે છોકરાને અને ઘરમાં પોતુ મારવાનું હોય તો કોને સોંપશે ? આપણે બધા એક સાથે બોલી ઉઠીશું એ તો છોકરી જ કરે ને !! અને આવી નાની-નાની બાબતો એટલા માટે સહજ-સ્વીકાર્ય બને છે કે આપણે નાનપણથી આ જ રીતની કાર્ય વહેંચણી જોઈ હોય છે. ક્યારે કોઈ આમાંના એકાદ કાર્યને જેન્ડર ભેદ નાબૂદી રૂપે પડકારે ત્યારે ઊલટાનું નવાઈ ઉપજે એવુ પણ બને.

આથી જ જયારે નિમિષાએ વિચાર રજૂ કર્યો ત્યારે મને પણ નવાઈ લાગી કે તું છોકરી થઈને આ જવાબદારી સામેથી સ્વીકારવા તૈયાર થઈ !! પણ મને તેનો વિચાર (પડકાર) પણ ગમ્યો અને એ જવાબદારી સ્વીકારવાની અને નિભાવવાની તેની દૃઢતા પણ અસર કરી ગઈ. મેં તરત જ વર્ગની અન્ય વિદ્યાર્થિનીઓને પૂછ્યુ કે બીજું કોણ સમિતિઓમાં જોડાવા તૈયાર છે ? મારા આશ્ચર્ય અને આનંદ વચ્ચે ઘણી વિદ્યાર્થિનીઓની આંગળી ઉંચી થઈ અને એ વર્ષે શાળા - પંચાયતની દરેક સમિતિ વિદ્યાર્થિઓની જ બનાવી અને એ વાતનો પણ હર્ષ હતો કે સમજાવવાથી વિદ્યાર્થીઓ (કુમાર) પણ એ વાતે તૈયાર થયા કે વિદ્યાર્થિનીઓને જ્યાં મદદની જરૂર પડશે ત્યાં અમે કરીશું. અને આખું વર્ષ વિદ્યાર્થીઓની ટીમે ખૂબ સફળતાપૂર્વક જવાબદારી નિભાવી.

પણ ત્યારપછી મને વિચારવાની અને કાર્ય કરવાની નવી દિશા મળી, આવાં કાર્યો વિશે વર્ગમાં ચર્ચા કરી. છોકરાઓ કયાં કાર્યો કરે છે અને છોકરીઓ કયાં કાર્યો કરે છે ? પછી બન્ને લિસ્ટ બનાવી વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યાં અને પૂછ્યુ બન્ને લિસ્ટમાંથી કાર્ય કરતા હોય અથવા કરી શકતા હોય તેવા કુમાર - કન્યા હાથ ઊંચો કરો. તો એ વાત જાણવા મળી કે છોકરાઓના લિસ્ટનાં કાર્યો છોકરીઓ પણ કરતી હતી એવુ જ અન્ય લિસ્ટનું પણ હતુ. અન્ય વિદ્યાર્થીઓએ એક કુમારનું નામ આપી કહ્યુ બહેન એ તો વાસણ પણ વીછળે છે. પછી બધા હસવા લાગ્યા. ખાસ તો છોકરાઓના મનમાં એવું હતુ કે કપડાં ધોવાં, વાસણ વીછળવાં, પોતુ કરવું વગેરે કાર્યો તો છોકરીઓનાં જ છે, એ આપણા છોકરાઓથી કરાય જ નહિ મેં એ છોકરાને પૂછ્યુ તો કહે "બહેન, મારે બેન નથી અને મારી મમ્મી આખો દિવસની થાકેલી હોય એટલે સાંજે હું વાસણ કરવા લાગું" મને એ બાળક પ્રત્યે ખૂબ માન થયુ કે તેની મમ્મી પ્રત્યે તેને કેટલી

બધી લાગણી કે બીજા કોઈ હસશે, મજાક કરશે એની પરવા કર્યા વગર એ ઘરકામમાં મદદ કરતો. પછી આખા ક્લાસને સમજાવ્યું કે છોકરા છોકરીના ભેદભાવ રાખ્યા વગર ઉત્સાહ ચડ્યો, બીજા દિવસે જ ચાનક ચડી આપણે કોઈપણ કામ કરી શકીએ અને કરવું પણ જોઈએ. અને પછી તો બધાને છોકરાઓ કહે અમારે જ રૂમ સાફ કરવો છે. છોકરીઓને કહે તમે માત્ર પાણીની ડોલ ભરી લાવી આપો. અમે કચરા-પોતાં કરીશું. છોકરીઓએ ખીજવ્યા કે અમારા જેવી સફાઈ નહી કરી શકો. પછી તો પૂછવું જ શું? રૂમ એટલો ચકચકિત કરી દીધો કે બધા કહી ઊઠ્યા: વાહ! પછી તો આવાં કાર્યો પણ છોકરાઓ હોંશે - હોંશે કરતા અને અમારા વર્ગનું જોઈને અન્ય વર્ગના કુમાર પણ કરતા થયા. નિમિષા તો હવે કોલેજમાં અભ્યાસ કરે છે પણ જ્યારે મળે ત્યારે આ વાતો યાદ કરવામાં અમને હજુ પણ આનંદ આવે છે.

ફરી ત્રણેક વર્ષ પછી એવો પ્રસંગ બન્યો કે મને મારી જ ભૂલ પર હસવું આવ્યુ. બન્યું એવુ કે મારા વર્ગમાં મેં છોકરીઓ માટે Cooking Competition (રસોઈ સ્પર્ધા) ની જાહેરાત કરી. ત્યાં વર્ગનો એક વિદ્યાર્થી પરેશ કહે, બેન! અમનેય બનાવવા દો ને મેં પૂછ્યુ તને શું બનાવતાં આવડશે? એ કહે બેન! આવડે ઈ બનાવશું. જેવું બને એવું તમે ચાખશો તો ખરાં ને? આ વખતે મારા મનમાં છોકરા - છોકરીનો ભેદ ન હતો પણ એમ થયું કે આટલી નાની ઉંમરમાં કદાચ છોકરાઓને રસોઈ બાબતે કંઈ નહીં આવડતું. સુંદર રસોઈ સ્પર્ધા કરી. છોકરા-છોકરીઓએ ખૂબ હોંશે-હોંશે ભાગ લીધો અને છોકરાઓએ પણ સ્વાદિષ્ટ વાનગી બનાવી. પછી તો લિંગભેદ નાબૂદીના ભાગ રૂપે જ રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા વગેરે સ્પર્ધાઓ સમાનતાપૂર્વક કુમાર-કન્યા માટે યોજી અને ખૂબ સફળ રહી.

ક્યારેક ઉંડાણપૂર્વક વિચારીએ તો આપણને સૌને એવાં કેટલાય કાર્યો મળી આવશે જે રૂઢિગત રીતે જ છોકરા અથવા છોકરીનું સજ્જડ રીતે માની લેવામાં આવ્યુ હોય. પણ ખરેખર તો એ કોઈ પણ કરી શકે તેમ હોય. સમાજમાં પણ સ્ત્રી-પુરુષનાં કાર્યો અંગે આવી માન્યતાઓ પ્રવર્તે છે. પરંતુ તેમાં સમય અને પરિસ્થિતિની માંગ મુજબ પરિવર્તન થતા જોવા મળે છે. જેમકે, પહેલાં ખેતરોમાં પુરુષો જ ટ્રેક્ટર ચલાવતા જોવા મળતા, હવે મહિલાઓ પણ ચલાવે છે. એ જ રીતે બ્યુટીપાર્લર ચલાવવુ બહેનોનું કાર્ય ગણાતું, હવે પુરુષો પણ ચલાવતા હોય છે. આવા મોટા ફેરફારો પ્રત્યે આપણુ ધ્યાન જાય છે. નાના ભેદભાવ જે અજાણ પણે થતા હોય તે પ્રત્યે ધ્યાન નથી જતું. નાનપણથી જ આવા ભેદભાવ દૂર કરીએ તો આગળ જતાં આપણને કેટલો સ્વસ્થ અને ઘડાયેલો સમાજ મળે!

હાલમાં ૨-૩ મહિના પૂર્વે જ મારા કલ્સ્ટરની શાળાઓમાં ફરીથી મેં આવી રસોઈ સ્પર્ધાનું આયોજન કરેલુ જેના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ખૂબ હોંશે - હોંશે ભાગ લીધેલો. દરેક સ્પર્ધક શાળામાં જ વાનગી બનાવવાની અને અન્ય વાલીઓ પણ સ્પર્ધા મુલાકાતે આવેલા. એકાદ-બે છોકરા (કુમાર) ના વાલીઓએ કહ્યુ કે અમારા છોકરાને આટલી સરસ આઈટમ બનાવતાં આવડે છે એ અમને પણ આજે ખબર પડી.

આપણે સમાજમાં કોઈ મોટાં પરિવર્તન ન કરી શકીએ પરંતુ તેનો પાયો જરૂર નાખી શકીએ. શાળાકક્ષાએ આપણે આવી નાની-નાની બાબતોમાં ખ્યાલ રાખી સમાનતાની તકો આપીએ તો વિદ્યાર્થીઓ માટે ચોક્કસથી મૂલ્ય ઘડતરનું માધ્યમ બનશે. એટલું જ નહિ આવી છોટી-મોટી ઘટનાઓ આપણને કંઈક અને સારુ કર્યાનો આનંદ આપશે અને વિદ્યાર્થીઓ માટે જીવનપર્યંતનું સંભારણુ અને ભાથું બની રહેશે. વર્ષો બાદ આપણા કોઈ નિમિષા કે પરેશ આપણને મળે ત્યારે આપણે તેમને શું - શું ભણાવ્યું હતું તે ભલે યાદ નહિ હોય પરંતુ આવી ઘટના અને તેનાથી તેના જીવનમાં આવેલા ફેરફાર જરૂર યાદ હશે.

❑

સી.આર.સી. વાંકીયા,
તા. ખાંભા, જિ. અમરેલી

# પાઠ્યપુસ્તકમાં અભિવ્યક્ત થતાં જીવનમૂલ્યો

- ડૉ. મધુકાંત આચાર્ય

કેળવણી દ્વારા વ્યક્તિ નિર્માણની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. શાળામાં બાળકો પોતાના કૂમળા બાળમાનસમાં પાઠ્યપુસ્તકના વર્ગખંડ અધ્યયનમાં જીવનમૂલ્યોના પાઠ મેળવે છે જે મોટપણે દ્રઢ બની જાણે-અજાણે જીવનમાં પ્રસ્થાપિત થાય છે. જીવનભર જુદી જુદી ઘટનાઓ વ્યક્તિને ચારિત્ર્ય નિર્માણ કરવા પ્રેરણા આપે છે. આ પ્રક્રિયામાં શાળાઓનો બહુમૂલ્ય ફાળો છે. શાળામાં ચાલતા અભ્યાસક્રમમાં જીવનમૂલ્યોના ઘડતરની કૃતિ, રચનાઓ સર્જકો દ્વારા પસંદ કરી મૂકવામાં આવે છે જેથી વ્યક્તિ મોટપણે મૂલ્યવાન બને. આ પ્રક્રિયાના, યાત્રાના સૌ પાઠ્યપુસ્તક રચયિતાઓના સહભાગીપણાનું યોગદાન બહુમૂલ્ય છે. ચાલો, આજે ધોરણ ૯ ના ગુજરાતીના પાઠ્યપુસ્તકનાં અભિવ્યક્ત થતાં જીવનમૂલ્યોને મમળાવીએ.

શ્રી મણિશંકર રતનજી ભટ્ટ 'કાન્ત' ગુજરાતી સાહિત્યના રાષ્ટ્રપ્રેમી કવિ તરીકે સૌ તેમને યાદ કરે છે તેમના કાવ્યોના શબ્દો છે.

'ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારા'

કવિમાં દેશભક્તિની ભાવના પ્રગટે છે. સરળ શબ્દોમાં આપેલી રચના બાળમાસને રાષ્ટ્રપ્રેમ તરફ પ્રેરણા આપે છે. રાષ્ટ્રપ્રેમનું 'જીવનમૂલ્ય' વ્યક્તિમાં ખૂબ આવશ્યક છે વ્યક્તિ આ મૂલ્ય દ્વારા રાષ્ટ્રનાગરિક બને છે.

હાલના વર્તમાન સાહિત્યયુગની પ્રેરણાદાયી વાતોમાં બહુ લોકપ્રિય ડો. આઈ. કે. વીજળીવાળાએ જીવનપ્રેરણાની નાની પુસ્તિકા દ્વારા અનોખી જ્યોત મૂર્તિકારની પોતાની કાર્યનિષ્ઠા દ્રષ્ટિપાત થાય છે. 'સ્વમૂલ્યાંકન' રચના જ અદ્ભુત છે પોતાના કાર્યનું સ્વમૂલ્યાંકન કરવા અજાણપણે તે પોતાના માલિકને તેનો અભિપ્રાય જાણવા પ્રયત્ન કરે છે. આ કાર્યનિષ્ઠા પ્રત્યે આદર જાગે છે. આ જીવનમૂલ્ય દ્વારા વ્યક્તિ પુજાય છે કેમકે કાર્ય એ જ પૂજા છે.

શ્રી ધીરૂભાઈ પરીખ 'કુમાર' જેવા પ્રતિષ્ઠિત સામયિકના તંત્રી છે. તેમણે રવિશંકર મહારાજના પાત્ર દ્વારા સમર્પણ, સમાજ સુધારણાભાગ વગેરે મૂલ્યો સરળતાથી બાળમાનસને અર્પણ કરે છે. મને યાદ છે જ્યારે હું ખેડા જિલ્લાના શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતો હતો ત્યારે રવિશંકર મહારાજની ભૂમિ સરસવણી અને રઢુમાં મુલાકાત કરતો ત્યારે ત્યાં પૂ. મહારાજના કાર્યની સૌરભ લોકમાનસમાં જોવા મળતી.

શ્રી નાથાલાલ દવેની રચના દ્વારા ગ્રામ્ય સંસ્કૃતિ, કૃષિ, સમાજસેવા અને પ્રકૃતિ સાથે માનવનો સદીઓથી અજોડ નાતો હોય તેવો ભાસ બાળકને થાય છે. આ પરમ્પરાગત પ્રક્રિયાથી બાળક જોડાઈ અનેક મૂલ્યોનો સ્વામી બને છે.

શ્રી જોરાવરસિંહ જાદવ આપણા મધ્યગુજરાતના ભાલપ્રદેશની અસ્મિતાના આરાધક તેમણે અહીંના લોકસાહિત્યને સુંદર રચનાઓ દ્વારા અનોખું સ્વરૂપ આપ્યું. આમેય ભાલપ્રદેશની લોકસંસ્કૃતિ એટલે સૌરાષ્ટ્ર, ઉ.ગુજરાત અને મ.ગુજરાતનો ત્રિવેણી સંગમ અહીં તેમણે 'લેખણ ઝાલી ન રહી' પાઠમાં તેઓના શબ્દો લોક સાહિત્યથી ભર્યા છે. બળદગાડા સાથેનું, માનવનું જીવન, શબ્દોમાં વ્યક્ત થતી શિખામણ અદ્ભુત છે. 'વાઢ્ય કાન ને આલ્ય સાન' આ કહેવત દ્વારા વ્યક્તિને સાચા માર્ગે લાવવા મથવું પડે. ગુસ્સો પણ કરવો પડે. મેં જ્યારે મારું પ્રેરણાનું પુસ્તક 'સંવાદ' તેમને મોકલ્યું ત્યારે ફોન પર તેમનો લોકસાહિત્યનો રણકાર પ્રશંસા કરતો અવાજ સાંભળ્યો. જીવનશૈલી શીખવા આવા પાઠ જરૂરી છે.

શ્રી સંતબાલ તો જીવનમૂલ્યોના જ કવિ છે તેમની રચનાના સર્વે શબ્દોમાં પગલે પગલે જીવનમૂલ્યો પગરવ કરે છે.

'પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા
અંતરને અજવાળી વીરા,
પથ તારો કાપ્યે જા'

અહીં સતત સાવધ રહીને પ્રવૃત્તિ કરવાનો અભિગમ છે સાથોસાથ પ્રેમ દ્વારા જ સૃષ્ટિ પર સફળતા મળે છે તેવું મૂલ્ય છે. જો જીવનની મંજિલમાં અજવાળારૂપી સફળતા પ્રાપ્ત કરવી છે ધીમે ધીમે મંજિલ તરફ ડગ માંડતો રહેવાની સલાહ છે.

કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા
દુર્ગમ પંથ કાપ્યો જા

કવિ કહે છે જીવન એટલે વિપત્તિ તે આવશે પણ ધીરજ ધરજે તારું કાર્ય ચાલુ રાખજે, જરૂર સફળતા મળશે. તમામ શબ્દોમાં જીવનમૂલ્યો જાણે ઘર કરી બેઠાં હોય તેમ લાગે છે.

આવી રચનાઓને પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કરવા બદલ કન્વીનર, સ્ટેટ રિસોર્સ ગ્રુપ તથા પરામર્શકોને અભિનંદન આપવાં ઘટે.

શિક્ષકમિત્રો ! વર્ગખંડ અધ્યાપનમાં આ બધા એકમોનું અધ્યાપન કરતાં કરતાં આ બાળમાનસ ધરાવતા વિદ્યાર્થીઓને જીવનમૂલ્યોને તારવી તારવી સમજ આપશો તો જરૂર આ રાષ્ટ્રના આવતી કાલના ઘડવૈયા એવા આ બાળકોમાં શ્રેષ્ઠ ચારિત્ર્ય નિર્માણ થશે.

❑

૮-ડી, શક્તિનગર-૨,
પડદાપીઠ હનુમાન મંદિર પાસે,
ભૂજ - કચ્છ - ૩૭૦૦૧.

## જ્ઞાનની સમગ્રતા યાને અખંડિતતા

પરીક્ષાની સિઝન (ઋતુ) ! કેરીની સિઝન હોય તેમ. પરીક્ષા માટે ભણો, બરાબર છે, પણ પછી જ્ઞાન માટે ભણવાનું તો રહે જ છે. Knowledge for examination હોય તેનો વાંધો નહિ, પણ પછી knowledge for knowledge (જ્ઞાન માટે જ જ્ઞાન) એવું તો થવું જોઈએ.

વિશ્વ ધોરણ-૬માં ભણે, Summative Assessment (સંકલિત મૂલ્યાંકન) !! ચાલે, કહે : દાદાજી, ગઈકાલનું પેપર Social Studies (સમાજ વિદ્યા) નું હતું. જે boring (કંટાળાજનક) જેવું લાગતું, પણ હવે તો કાલે Science છે. તે તો મને ગમે છે.'

મેં કહ્યું : 'કોઈ વિષય boring નથી અને boring ન લાગવો જોઈએ. કોઈ એક વિષય વધુ ગમે, કોઈ ઓછો એવું બને ખરું ? ખરેખર તો જ્ઞાન સમગ્ર છે, અખંડ છે.' મને થયું: પ્રકૃતિમાં વિષયોના વાડા નથી. જ્ઞાન સમગ્ર-અખંડ છે. અનુકૂળતા ખાતર તે અનેક વિષયો-વિષયાંગમાં વહેંચાય છે. તમામ વિષયોના જ્ઞાનનો સરવાળો એટલે સમગ્ર અખંડ જ્ઞાન અને આ તમામ વિષયો એટલે શાળામાં ભણવાતા સાત-આઠ વિષયો માત્ર નહિ, પણ અનેકાનેક વિષયો.

એક કેળવણીકારે કહેલું : તમે પૂર્ણિમાને રાત્રે ગંગા કાંઠે નૌકાવિહાર કરવા જાઓ, ત્યાં તમને બધા વિષયો (શાળામાં ભણો છે તે) સંકલિત સ્વરૂપે જોવા મળશે. નૌકા અને હલેસાનું વિજ્ઞાન, રાત્રે ચંદ્ર-તારાઓનું ખગોળશાસ્ત્ર, નદીની ભૂગોળ, પ્રકૃતિ-સૃષ્ટિ સૌંદર્યનું કાવ્ય વગેરે.

પ્રકૃતિમાં તમામ વિષયો સંકલિત સ્વરૂપે રહેલા છે. જ્ઞાનનો આ integrated approach સંકલિત અભિગમ મહત્ત્વનો છે.

એ બધું મેળવ્યા પછી કોલેજ, મહાકોલેજ કક્ષાએ specialization (વિશિષ્ટીકરણ) ભલે આવે, તેમાં એક વિષય, તેનું ય નાનકડું અંગ-વિષયાંગ, વિષયાંગનો પણ વિષયાંગ ભલે હોય, જાણે અણુએકમ.

પણ અંતે તો જ્ઞાનની સમગ્રતા, અખંડિતતા મહત્ત્વની છે. તે પકડાવી જોઈએ.

- વિનાયક કે. ધોત્રે, પૂર્વ નાયબ નિયામક,
જીસીઈઆરટી, અમદાવાદ

# સંશોધન સારાંશ

- ડૉ. રોહિત સી. પટેલ

## ઈનોવેશન સેલમાં પસંદ પામેલા પ્રાથમિક શાળાના નવતર પ્રયોગનો વ્યક્તિ અભ્યાસ

### પ્રસ્તાવના

નવસારી જિલ્લામાંથી કુલ - ૯ શિક્ષકોને નવતર પ્રયોગ બદલ સન્માનવામાં આવ્યા હતા. જેમાંનો ગણિત વિષયમાં કરવામાં આવેલ ગણિત મેજિક બોક્ષ નામનો નવતર પ્રયોગ જે રાષ્ટ્રકક્ષાએ પણ સન્માનિત થયો છે. આ પ્રયોગ નગરપ્રાથમિક મરાઠી શાળા નં. ૨, નવસારીના શ્રી શરદ લુકડું પાટીલ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ નવતર પ્રયોગ પર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

### હેતુઓ

૧. નવતર પ્રયોગ વિશે જાણકારી પ્રાપ્ત કરવી.

૨. શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગ અંગે માહિતી મેળવવી.

૩. શ્રેષ્ઠ નવતર પ્રયોગમાં પસંદ પામેલ પ્રયોગનું શિક્ષણમાં યોગદાન વિશે અભ્યાસ કરવો.

### વ્યાપવિશ્વ :

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે નવસારી જિલ્લામાં જે શિક્ષકોએ નવતર પ્રયોગો જમા કરાવ્યા હતા તે લેવામાં આવ્યું હતું.

### નિદર્શ :

પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ તરીકે ૯ શ્રેષ્ઠ નવતર પ્રયોગમાંથી ૧ પ્રયોગની સહેતુક નિદર્શ પદ્ધતિથી પસંદગી કરવામાં આવેલ છે.

### ઉપકરણ :

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિત કરવા માટે મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશ્નોની નોંધ કરવામાં આવેલ હતી. તેના પ્રતિભાવોની નોંધ કરવામાં આવી હતી.

### પદ્ધતિ :

મુલાકાત પદ્ધતિ

### માહિતી વિશ્લેષણ :

ગુણાત્મક વિશ્લેષણ

### તારણો :

૧. નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં રસ પડવા લાગ્યો હતો.

૨. મેજિક બોક્સથી ગણિત વિષય શિખવવામાં ખૂબ જ સરળતા રહે છે.

૩. શિક્ષકની ગેરહાજરીમાં પણ બાળકો ગણિત શીખી શકે છે.

૪. મેજિક બોક્ષની મદદથી બાળકો સ્વ અધ્યયન કરતા થયા છે.

૫. અન્ય તાલુકા અને જિલ્લાની શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગણિત મેજિક બોક્સનો ઉપયોગ કરવા લાગ્યા છે.

૧. ગણિત જેવા વિષયને આ પ્રકારના બોક્સની મદદથી રસપ્રદ બનાવી શકાય છે.

૨. અન્ય વિષયમાં આ પ્રકારના મેજિક બોક્સ બનાવી વિષયને રસપ્રદ અને સરળ બનાવી શકાય.

૩. નવતર પ્રયોગથી વિષયને વધુ સરળ અને રસપ્રદ બનાવી શકાય.

❑

વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી

# શિક્ષક : શક્યતાનું શિલ્પ !

- રેવાભાઈ પ્રજાપતિ

ગુજરાતનો પૂર્વ છેડો સાબરકાંઠા એનું માદરે વતન. ગુજરાતનો પશ્ચિમ છેડો એટલે કે બનાસકાંઠાનું ડીસા એની કર્મભૂમિ, સાબરકાંઠાના પહાડી વિસ્તાર મેઘરજની માટીમાં પેદા થયેલા આ શિક્ષકે ડીસા તાલુકાની ડેડોલ પ્રાથમિક શાળાને કર્મભૂમિ બનાવીને તા. ૯-૧૨-૧૯૯૯ના સપરમા દિવસથી શિક્ષણકાર્ય શરૂઆત કરી !

ઘણા બધા પ્રાથમિક શિક્ષકોની માનસિકતા જ એવી છે કે પી.ટી.સી. થયા પછી કંઈ કરવાનું હોય જ નહિ, પણ આ તો બહુમુખે વિકસનાર પ્રતિભા... જાણે એ કહે છે.

પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ?<br>
હું પડકાર ઝિલનારો માણસ છું !<br>
હું તેજ ઉછીનું લઉ નહીં,<br>
હું જાતે બળતું ફાનસ છું !

'જે શીખતો રહે તે જ શીખવી શકે' - એ ન્યાયે આ શિક્ષક તો બાળકોને નિત નવું શિખવતાં શિખવતાં પોતે પણ ભણતો રહ્યો... શીખતો રહ્યો...

જેમના થકી શિક્ષકો અને શાળાઓનું અસ્તિત્વ છે.... એવાં બાળકોને પોતાનાં આરાધ્યદેવ માનીને... કામને જ પૂજા માની લીધી. એક પછી એક નવતર પ્રયોગ કરીને આ શિક્ષક સિદ્ધિનાં શિખરો સર કરવા મંડી પડ્યો ! શરૂઆત જ કંઈક અનોખી. બાળગીતો, બાળ રમતો અને ઉમંગ -તરંગ દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં આવવું ગમે, રોકાવું ગમે તેવા વિચાર સાથે સતત કામ કરવાની શરૂઆત કરી. બાળકો ઘર પણ ભૂલી જાય એવા ભાવાવરણનું નિર્માણ કર્યું જેના કારણે ૧૦૦% નામાંકન અને સ્થાયીકરણ થયું તેમજ ગુણવત્તામાં પણ સુધારો જોવા મળ્યો.

પ્રાથમિક શિક્ષણ એ તો સંવેદના જીતવાનું શિક્ષણ છે. શાળામાં કેટલાંક બાળકો આર્થિક રીતે સાવ નબળા વર્ગમાંથી આવતાં હતાં. તેથી તેમના વધી ગયેલા વાળ પણ ક્યારેક કાપી આપ્યા. ( Times of India એ એની નોંધ પણ લીધેલી.) એક શિક્ષક બાળકો સાથે કેટલી હદે ઓતપ્રોત થઈ શકે છે તેનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ડેડોલ ખાતે તે વખતે માત્ર બે શિક્ષક અને છ ધોરણ - ધોરણ ૧-૨ એન ૫ ના વર્ગશિક્ષક તરીકે કામ કરતાં કરતાં જાણવા મળ્યું કે બાળકો જોડાક્ષર વાંચવામાં મુશ્કેલી અનુભવે છે અને જોડાક્ષરના કારણે વાચનમાં કે વાર્તારસમાં ખલેલ પહોંચે છે. તેથી આ પ્રયોગશીલ શિક્ષક શ્રી ભાવેશભાઈ પંડ્યાએ જોડાક્ષર વગરની વાર્તા લખવાનું શરૂ કર્યું. આમ, ક્રમશઃ વાર્તા લખતા જઈને આજ સુધીમાં જોડાક્ષર વગરની કુલ ૧૧૮૫ વાર્તાઓનો ખજાનો આપ્યો. જેની સને ૨૦૦૬ માં IIM એ નોંધ લઈને મદુરાઈ ખાતે સર રતનટાટા ઈનોવેટીવ ટીચર્સ એવોર્ડ આપ્યો. સને ૨૦૦૮માં લિમકા બુકે એની નોંધ લીધી, પુરસ્કાર એનાયત કર્યો. સન્માન પણ કર્યું. ફિલ્મ જગતના સુપર સ્ટાર શ્રી અમિતાભ બચ્ચન દ્વારા લિમકા બુક ઓફ રેકોર્ડસની પચ્ચીસમી બુકનું વિમોચન કરવામાં આવ્યું. તદુપરાંત સને ૨૦૧૦માં ઈન્ડિયા બુકે અને ૨૦૧૩માં એશિયા બુકે નોંધ લીધી. અને આખરે તા. ૩૦-૧૨-૨૦૧૪ના દિવસે ગિનેસ બુકમાં પણ નોંધ લેવાઈ. આ રીતે બની ગયું એક ઊજળું પ્રકરણ !

જોડાક્ષર વગરની વાર્તાના કારણે બાળકોમાં વાર્તાઓ વાંચવાનો ઉત્સાહ બેવડાયો... વાચન તરફનો લગાવ વધ્યો.

ગાવા-બજાવવામાં પણ આ ભાવેશભાઈ ભારે માહિર ! લગભગ બધાં જ વાજિંત્રો વગાડી શકે. પોતાના હાથે જ સર્જન પામેલાં બાળગીતો શ્રી ભાવેશભાઈના કંઠે ઉઘડે ત્યારે કંઈક નવું જ કલેવર પામીને બહાર આવે ! ઘણીવાર ગણિત-વિજ્ઞાનથી વિમુખ થતાં બાળકોને જોઈને એમણે ગણિત-વિજ્ઞાનને લગતાં ગીતો બનાવ્યાં. આ ગીતો પણ જોડાક્ષર વગરનાં ! આવાં ૫૦૦ બાળગીતો શ્રી

ભાવેશભાઈએ બાળજગતને આપ્યાં અને ગણિત-વિજ્ઞાનને પણ રસસભર બનાવ્યાં.

ગણિત-વિજ્ઞાનનાં આ ગીતો બાળકો હરખભેર ગાઈને ઝૂમવા લાગ્યાં. પરિણામે ગાતાં-ગાતાં જ ગણિત-વિજ્ઞાન શિખાવા લાગ્યાં. ગણિતનો 'હાઉ' દૂર થયો. બાળકો ગણિત રસપૂર્વક શીખવા લાગ્યાં. ગણિત તરફની રુચિ વધી... ગણિતનું પરિણામ સુધર્યું.

વાર્તા-સર્જનમાં એમને રસ છે - એમ કહેવું જ પૂરતું નથી. વાર્તા કહેવાની કળા પણ એમની જબરી ! કોઈ પણ ઉંમરની વ્યક્તિને એ વાર્તાના માધ્યમથી વાર્તારસમાં એવી ડુબાડી દે કે કોઈ ઉઠવાનું નામ ન લે. આમેય વાર્તા તો બાળકોને ભાવતું ભોજન. વાર્તાને સેતુ બનાવી ભાષા - ગણિત - વિજ્ઞાનના મુદ્દાઓ રસપૂર્વક શિખવાડ્યા.

TLM બનાવવામાં પણ શ્રી ભાવેશભાઈ સિદ્ધહસ્ત ! TLM ને શૈક્ષણિક રમકડાનું સ્વરૂપ પણ આપ્યું ! આ શૈક્ષણિક રમકડાં બનાવવા માટેની રીત - 'ચાલો, રમકડાં બનાવીએ !' શીર્ષક તળે પુસ્તક સ્વરૂપે શિક્ષણ જગતને ચરણે ધર્યું. જેવો હિન્દી અનુવાદ પણ ગૂર્જર પ્રકાશને પ્રગટ કર્યો છે. શૈક્ષણિક રમકડાં દ્વારા બાળકોની વિજ્ઞાન તરફની રુચિ વધારી બાળકોના કુતૂહલને જગાડી વિજ્ઞાનને રસપ્રદ બનાવ્યું.

આ સિવાય તેઓએ વાર્તા રે વાર્તા, ગીત તરંગ, દાદાનો ડંગોરો, વારતાની મજા... વગેર જેવાં ૩૦ થી ૩૫ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. વળી, સતત બે ટર્મથી પાઠ્યપુસ્તકોના લેખન-સંપાદનમાં તેઓ જોડાયેલા છે. અત્યારે ધોરણ ૧ થી ૪માં રાજયકક્ષાની પ્રજ્ઞા કોર ટીમના તેઓ સભ્ય છે. અને ધોરણ ૧ થી ૫ના પર્યાવરણ વિષયના કન્વીનર છે.

શિક્ષક તાલીમમાં BISAG ઉપરથી ૮ થી ૧૦ કાર્યક્રમો પ્રસારિત થયેલા છે. અને GIET ના ૩૦ થી વધુ શૈક્ષણિક કાર્યક્રમો પણ પ્રસારિત થયેલા છે. જેના થકી શિક્ષકોને માર્ગદર્શન, પ્રેરણા અને પ્રોત્સાહન મળેલ છે.

'રખેવાળ' દૈનિકમાં ૪૮ જેટલાં પ્રતિભાશાળી બાળકો માટેની 'આગવા - અનોખા' કોલમ લખી. આ ૪૮ પૈકી ૨૦ બાળકોની શ્રેણી દૂરદર્શન ઉપરથી પ્રસારિત થઈ. જેના દ્વારા બાળકોની હિંમત વધતી ગઈ. વિકલાંગ બાળકોમાં આશાનો સંચાર થયો. સામાન્ય બાળકોને પણ પોતાનામાં રહેલી વિશિષ્ટ શક્તિની પ્રતીતિ થઈ. વળી, શિક્ષકોને પણ આવાં બાળકોની શક્તિઓમાં નવો વિશ્વાસ જાગ્યો બાળકોની અનોખી શક્તિઓને પ્રસિદ્ધિ અને પ્રેરણા મળ્યાં.

આવી તેજસ્વી સરવાણી જેમાંથી પ્રગટ થઈ છે તે પૃષ્ઠભૂમિમાં ડોકિયું કરીએ તો શ્રી ભાવેશભાઈના દાદા સ્વાતંત્ર્ય સેનાની હતા, જે શહીદીને પામ્યા હતા. માતા-પિતા બંને આદર્શ શિક્ષક છે. ભાઈ-ભાભી સાથેનો આખો પરિવાર શિક્ષક છે. વળી, આપણા મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી પન્નાલાલ પટેલની જન્મભૂમિ એ જ શ્રી ભાવેશભાઈની જન્મભૂમિ છે. વળી, શ્રી પન્નાલાલ પટેલ જે નિશાળમાં ભણ્યા એ જ નિશાળમાં ભણવાનું સદ્ભાગ્ય શ્રી ભાવેશભાઈને પણ સાંપડ્યું છે.

આ સમગ્ર સિદ્ધિઓ પરથી બ્રિટનની યુનિવર્સિટીમાં 'વિદ્યાવાચસ્પતિ' (Ph.D.) ની માનદ્ ડિગ્રી માટે શ્રી ભાવેશભાઈનું નામાંકન થયેલ છે. તેને લગતી પ્રક્રિયા ચાલુ છે. આવું ગૌરવ પ્રાપ્ત કરનાર તેઓ ભારતના એકમાત્ર પ્રાથમિક શિક્ષક હશે !

બહુ ઓછા કાર્યકાળમાં એક પછી એક સિદ્ધિનાં સોપાનો સર કરતા જઈને સતત શિક્ષકત્વનું સંગોપન કરનાર આ નવતર પ્રયોગશીલ કર્મઠ શિક્ષકને સલામ ! કરીએ અને આવો, આપણે પણ જ્યાં છીએ, જેવી સ્થિતિમાં છીએ તેવી સ્થિતિમાં આપણી સામે બેઠેલાં માસૂમ-નિર્દોષ બાળકો માટે કંઈક કરી બતાવીને બાળકોના હૃદયમાં ચિરસ્થાન પામી જઈએ :

❑

**બામણોજ, તા. અંબાજી,**
**જિ. બનાસકાંઠા**

# ચંદરવો

- સંકલન

પોતાના દોષ શોધી કાઢવા એ જ્ઞાનવીરોનું કામ છે.
- વિવેકાનંદ

માતૃભાષાનો અનાદર માના અનાદર બરાબર છે.
- ગાંધીજી

માતાના બલિદાનનું ઋણ કોઈ પણ દીકરો ચુકાવી શકતો નથી. પછી ભલેને ભૂમંડલનો સ્વામી કેમ ન હોય !
- પ્રેમચંદ

તે શિક્ષિત વ્યક્તિ આળસુ છે જે લૂખા અધ્યયનમાં સમય બરાબાદ કરે છે.
- બર્નાડ શો

સત્યને જો દબાવી દેવામાં આવે તો તે આપોઆપ પ્રગટ થઈ જશે.
- બ્રાયન્ટ

'મારા વિષે લોકો શું કહે છે ? જે કહેતા હોય તે કહેવા દો'
- ઓસ્કાર વાઈલ્ડ

માણસ નિષ્ફળ ત્યારે જ જાય છે જ્યારે તે વિકાસને બદલે ફળ ઝંખે છે.
- ધૂમકેતુ

એક વાત દરેક યાદ રાખવી જોઈએ કે નિષ્ફળતા પોતાના પાલવમાં સફળતાનાં ફૂલ લઈને જ આવે છે.
- મિલ્ટન

પારણાથી શરૂ કરીને કબર સુધી શિક્ષણ પ્રાપ્ત કરતા રહો.
- કુરાન

પોતાના બાળકને મૌન ધારણ કરતાં શિખવાડો અને તે અત્યંત બોલતાં શીખી જશે
- ફ્રેંકલિન

દેડકો શક્ય છે બળદના કરતાં વધુ ઘોંઘાટ કરે, પરંતુ ન તો તે ખેતરમાં હળ ખેંચી શકે છે કે ન તો રોનુ ચક્ર ફેરવી શકે છે, કે ન તો તેના ચામડાંનાં પગરખાં થઈ શકે છે.
-ખલીલ જિબ્રાન

ઉત્તમ શિશુઓના નિર્માણનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે તેને પ્રસન્ન રાખવાનો
-વાલ્ડ

અનુભવ એક કઠોર શિક્ષક છે. કારણ કે તે પહેલાં પરીક્ષા કરે છે પછી ભણાવે છે.
-બટનાન લો

માનવના આનંદનુ રહસ્ય આમાં જ છે કે તે પોતાની શક્તિ સડવા ન દે
- આદમ ક્લાર્ક

મહાન ત્યાગથી જ મહાન કાર્યો સિદ્ધ થાય છે.
- વિવેકાનંદ

કોઈ મનુષ્ય પોતાના ક્રોધ પર કાબૂ ન રાખી શકે તો તે દુનિયામાં કોઈ કામનો નથી
- ઑસ્ટર ફી

❑

પિયુષકુમાર સી. મકવાણા
મોટીબોરૂ પ્રાથમિક શાળા,
તા. ધોળકા, જિ. અમદાવાદ

# ભાવ-પ્રતિભાવ

- સંકલન

- જીવન શિક્ષણનો અંક વાંચ્યો, ખૂબ જ આનંદ થયો. પ્રથમ પાના પર શાળાનાં બાળકોની તસવીર જોઈ. તસવીરકથામાં શૈક્ષણિક પ્રવાસ તથા બે શબ્દની વાત, શિક્ષણમાં ગુણવત્તા પ્રાપ્તિ, શિક્ષણમાં પરિવર્તનનું મહત્ત્વ, બાળ સામયિકોની સૃષ્ટિ, નવી પ્રવૃત્તિઓ દ્વારા શીખવીએ, મારી ઓળખ હું કરીશ, નાટક દ્વારા શિક્ષણ, પત્રલેખન, માતૃભાષા અને ખપની ભાષા, આમ પણ બને ! ચંદરવો તેમજ ભાવ-પ્રતિભાવ દ્વારા ઘણું જાણવા મળ્યું 'જીવન શિક્ષણ' એ શિસ્ત, ક્ષમા, ચારિત્ર્ય ઘડતર, વ્યક્તિત્વ વિકાસ અને જીવન ઘડતર કરતું માસિક છે.

- દીપકકુમાર પટેલ,
**નવાપુરા પે.સેન્ટર શાળા, તા. ઉમરેઠ, જિ. આણંદ**

- છેલ્લાં દશ વર્ષથી હું નિયમિત જીવન શિક્ષણ વાંચું છું. શિક્ષણ અને સાહિત્યનો રસથાળ એટલે જીવન શિક્ષણ, શિક્ષક, વાલી અને વિદ્યાર્થીઆ ત્રણેયને વાતો રજૂ કરવામાં આવેલી છે. જેમાં 'વિદેશી વિદ્યાર્થીઓ ગુજરાતમાં' વાંચવાથી અમને જાણવા મળ્યું કે આપણી શાળામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ આવે છે. વિજ્ઞાનકથાની રસપ્રદ વાતો જાણવા મળી તેમજ પુસ્તકાલયનો ઉપયોગ અને ઘરપુસ્તક જેવા નવતર પ્રયોગો અસર કરી ગયા.

- દીપકકુમાર સુથાર
**જશવંત પ્રાથમિક શાળા, તા. મહેમદાવાદ, જિ. ખેડા**

- અંક નિયમિત મળે છે અને વાંચું છું. તેમાં 'બે શબ્દની વાત' હૃદયના પ્રત્યેક ખૂણાને ખૂબ નિકટથી સ્પર્શે છે. આ અંકમાં 'શાળા પુસ્તકાલયનો સદ્ઉપયોગ' લેખ પુસ્તકાલયની ઉપયોગિતા વિશે નવું દિશાદર્શન કરાવી ગયો.

- પિયુષ મકવાણા
**મોટી બોરૂ પ્રાથમિક શાળા, તા. ધોળકા, જિ. અમદાવાદ**

- જીવનશિક્ષણમાં લખાયેલ - છપાયેલ 'નવતર પ્રયોગ' અંતર્ગત લેખઃ ગણિત તો આમ શિખવી શકાય. ખૂબ અસરકારક રહ્યો. વિદ્યાર્થીઓને જકડી રાખી હાજરી વધારનાર છે. લેખકને મારા અભિનંદન, શાળાનું ભાવાવરણ લેખ પણ પ્રેરણાદાયી રહ્યો.

- પંકજ દરજી સી.આર.સી. કો.ઓર્ડિનેટર,
**નારણપુરા ગામ, અમદાવાદ.**

- જીવનશિક્ષણનો અંક જોયો, વાંચ્યો, ગમ્યો અગાઉ પ્રગટ થયેલ પ્રશ્નવૈવિધ્ય વિશેષાંકમાં જે ધોરણોમાં કસોટી વિશેનું જ્ઞાન આપવામાં આવ્યું હતું તે ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી નીવડ્યું છે. બાળકોની કસોટી માટે આ નવતર પ્રયોગ ખૂબ જ અસરકારક સાબિત થયું છે.

- શંકરલાલ રાઠોડ,
**પ્રાથમિક શાળા નં. ૧૧, ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર**

- જીવનશિક્ષણ ખરેખર શિક્ષકો માટે ગીતા સમાન છે. નવતર પ્રયોગ નવી જાણકારી, પ્રેરણાદાયી લેખો... લેખો વાંચી કાર્ય - ઉત્સાહમાં વધારો કરતું સામયિક છે. આ અંકમાં ઘણું વાંચવા, જાણવા મળ્યું. વિદેશી વિદ્યાર્થીઓએ ગુજરાતમાં ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણના દર્શન કર્યા. શિક્ષકોની સાફલ્યગાથામાંથી માર્ગદર્શન મળે છે. હું કોણ છું ? મારે શું કરવાનું છે. છેલ્લે આંદામાન - નિકોબાર અભિદર્શન લેખ નવી વિગતો સાથે પ્રેરણાદાયી રહ્યો.

- બાબુભાઈ ગોર, માલીસરાવાંઢ પ્રાથમિક શાળા
**તા. રાપર, જિ. કચ્છ**

- જીસીઈઆરટી દ્વારા પ્રગટ થતા અને શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતો જીવન શિક્ષણ અંક હું નિયમિત વાંચું છું. આ અંક શિક્ષકના કાર્યમાં, જીવનમાં નવા-નવા વિચારો અને નવી ચેતના પેદા કરે છે. આ અંકમાં અભિદર્શન મુલાકાત દ્વારા નવી જાણકારી પ્રાપ્ત થઈ અંકમાં આવતા લેખો શિક્ષકો વર્તમાન શિક્ષણને ચાલકબળ પૂરું પાડે છે.

- પ્રતીકકુમાર સોલંકી,
**ચાંદ્રોડા પ્રાથમિક શાળા, તા. અંજાર, જિ. કચ્છ**

- શાળા એ ગામનો સુંદર અરીસો છે. તેમ જીવનશિક્ષણ એ જય-જય ગરવી ગુજરાતના પ્રાથમિક શિક્ષણનો અરીસો છો. જેમાંથી સમગ્ર રાજ્યના ઉત્તમ શિક્ષણનું પ્રતિબિંબ પડે છે. જેના લેખ બહુરંગી - વાસ્તવિક શિક્ષક ઉપયોગી, ગીતા સમાન હોય છે. આમ પણ બને, નવતર પ્રયોગો, ચંદરવો ગમે છે. માસ અનુસાર મુખપૃષ્ઠ શિક્ષકને જાગૃત કરે છે. ખોરાકની જેમ જ અંકનું વાચન અને પાચન જરૂરી બને છે.

- રત્નાભાઈ વણકર, સહમંત્રી તાલુકા પ્રાથમિક
**શિક્ષક સંઘ, ઈડર, જિ. સાબરકાંઠા**

- જીવનશિક્ષણ શાળામાં નિયમિત આવે છે. વાંચું છું. બહુ-બહુ જ પ્રેરણા મળે છે. અનેક વિષયોનું માર્ગદર્શન મળે છે.

- છનુભા બચુભા ગોહિલ, ગુંદી પ્રાથમિક શાળા,
**તા.જિ. ભાવનગર**

# કન્યાઓના શિક્ષણ અને વિકાસ માટેની વિવિધ ક્રાંતિકારી યોજનાઓ દ્વારા મેળવેલ સિદ્ધિઓ

- RTE એક્ટ – ૨૦૦૯ નો અમલ (ધો.૧ થી ૫ - પ્રાથમિક શાળા અને ધો.૬ થી ૮ – ઉચ્ચ પ્રાથમિક શાળામાં વિભાજન)
- ૧,૪૪,૮૬૪ વિદ્યાસહાયકોની ભરતી
- ૮,૦૦૦ મુખ્ય શિક્ષકની ભરતીનો સૌ પ્રથમ પ્રયોગ (વર્ષ : ૨૦૧૨-૧૩થી)
- ૧,૦૪,૬૩૭ વર્ગખંડોનું બાંધકામ
- ૭૪,૯૨૩ સ્વચ્છતા સંકુલોનું બાંધકામ
- ૨૯,૦૧૦ શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિધા
- ૨૪,૩૬૭ વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા
- ૫,૧૨,૭૮૫ લાકડાની બેન્ચીઝ (ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે)
- ૨૦,૫૦૨ શાળાઓ કમ્પ્યૂટર સુવિધાથી સજ્જ
- ૩૩,૬૨૪ શાળાઓમાં વિજળીકરણ, સેનિટેશન અને પીવાના પાણીની સુવિધા
- ૧૭,૩૨૩ થી વધુ શાળાઓમાં ધોરણ – ૮ ની શરૂઆત
- માન.મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિમાં ૫૫,૧૮૧ લાભાર્થી કન્યાઓને રૂ.૨૫.૦૦ કરોડની પુરસ્કાર અને સહાય.
- પ્રાથમિક શાળામાં જતા બાળકોનો ડ્રોપઆઉટ રેટ વર્ષ : ૨૦૦૧-૦૨ માં ધો.૧ થી ૫ માં ૨૦.૫૦ ટકા હતો તે ઘટીને વર્ષ : ૨૦૧૩-૧૪ માં ૨.૦૦ ટકા થયેલ છે.
- ધો.૧ થી ૭ માં ડ્રોપઆઉટ રેટ વર્ષ : ૨૦૦૧-૦૨ માં ૩૭.૨૨ ટકા હતો જે ઘટીને વર્ષ : ૨૦૧૩-૧૪માં ૬.૯૧ ટકા થયેલ છે.

"આંગળી ચીંધી જવી
એ ખૂબ મોટી વાત છે,
લક્ષ્યને આંબી જવાની
એ જ તો શરૂઆત છે."



**ગુજરાતમાં છેલ્લા ૧૧ વર્ષથી કન્યા કેળવણી મહોત્સવનું આ સામાજિક આંદોલન હવે દેશમાં સમાજ હિત માટે અભ્યાસુઓનો વિષય બની ગયું છે.**

Registered under RNI No. 11185/1957 Permitted to post at SRO, Sorting Office, Gandhinagar on 15th Date of every month under Postal Regd No. G-GNR-301 Issued by SSP GNR valid up to 31-12-2015 Licence to Post without prepayment No. CPMG/GJ/115/2013 valid up to 30-06-2014

જૂન-2014

લવાજમ : ₹ 100-00




| વર્ષ | લાભાર્થી કન્યાઓ | બોન્ડની રકમ ₹ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧,૧૦,૮૨૯ | ૧૧,૦૮,૨૯,૦૦૦ |
| ૨૦૦૩-૦૪ | ૧,૫૪,૪૫૭ | ૧૫,૪૪,૫૭,૦૦૦ |
| ૨૦૦૪-૦૫ | ૧,૩૦,૦૦૦ | ૧૩,૦૦,૦૦,૦૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૧,૫૧,૦૩૪ | ૧૫,૧૦,૩૪,૦૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧,૪૬,૨૦૦ | ૧૪,૬૨,૦૦,૦૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧,૪૭,૫૦૬ | ૧૪,૭૫,૦૬,૦૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૧,૨૮,૭૫૭ | ૧૨,૮૭,૫૭,૦૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૧,૧૧,૫૫૩ | ૧૧,૧૫,૫૩,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧,૦૪,૩૧૯ | ૧૦,૪૩,૧૯,૦૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૧,૦૩,૧૬૮ | ૧૦,૩૧,૬૮,૦૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૧,૦૫,૨૯૮ | ૨૧,૦૫,૯૬,૦૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૧,૧૮,૧૩૯ | ૨૩,૬૨,૭૮,૦૦૦ |

Book-Post

## જીવન શિક્ષણ

તંત્રીશ્રી, જીવન શિક્ષણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
સેક્ટર-12, ગાંધીનગર-382016.

નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર વતી માલિક, મુદ્રક અને પ્રકાશક સચિવ, જીસીઈઆરટી, સેક્ટર-12, ગાંધીનગર
પ્રિન્ટીંગ પ્રેસ : રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ. 301, પુનિત પ્લાઝા કોમ્પલેક્ષ, નવગુજરાત કોલેજની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-14
ઈ-મેઈલ : reliableprintery@yahoo.com થી છાપી જીસીઈઆરટી સેક્ટર-12, ગાંધીનગરથી પ્રસિદ્ધ કરેલ છે.